


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃત્તિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૧ કારતક વદ ૮ વર્ષ : ૩૦ અંક ૭૯

## ઓછા ખર્ચે મકાનને ઉંચુ કરવા સૌ પ્રથમ વખત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અને

# અમરેલીમાં જેક લગાવી મકાન પાંચ ફૂટ ઉંચુ કરાયું

### રોડ ઉંચા બની જતા ઘરનું લેવલ નીચુ જવાને કારણે ઘરમાં ભરાતા પાણીથી બચવા હવે ઉપયોગમાં લેવાતી ટેકનોલોજી : જુના મકાન પણ ઉંચા થઇ શકે

### અમરેલીની ગણેશ સોસાયટીમાં બે માળના મકાનને પાંચ ફુટ ઉંચુ લેવાયું છેલ્લા ૩૩ વર્ષથી આજ સુધીમાં ૬ હજાર મકાનો ઉંચા કર્યા છે : શ્રી મુકેશ પટેલ

### જેક ની મદદથી આખા મકાનને ઊંચું લઈ અને નીચે નવો પાયો અને તે પણ બીમ કોલમ સાથે તૈયાર કરીએ છીએ જેનાથી મકાન વધુ મજબૂત થઈ જાય છે : શ્રી મુકેશ પટેલ



અમરેલી,(ફીલ્ડરિપોર્ટર) આપણે ત્યાં નવા માર્ગો બનતા જાય છે અને જુના વિસ્તારોમાં મકાનો દુકાનો નીચા થતા જાય છે આવી સમસ્યા સામે અમરેલીમાં સર્વ પ્રથમ વખત આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી મકાનને જમીનથી પાંચ ફૂટ ઊંચો જેકના સપોર્ટ થી ઊંચું કરવામાં આવ્યું છે. અમરેલીના ગણેશ સોસાયટી વિસ્તારમાં બે માળના મકાનને જમીનથી પાંચ ફૂટ ઊંચું લેવા માટેનું કામ ગુરુદેવ કન્સ્ટ્રક્શન દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ એજન્સીના શ્રી મુકેશભાઈ પટેલે અવધ ટાઈમ્સ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે છેલ્લા ૩૩ વર્ષથી અમે આ કામ કરી રહ્યા છીએ અમરેલીમાં પ્રથમ વખત આ પ્રકારે કામ થઈ રહ્યું છે અમરેલીની ગણેશ સોસાયટીમાં મકાનને જમીનના લેવલથી પાંચ ફૂટ ઊંચું કરીએ છીએ આમાં અંદાજે પાંચથી છ લાખ લેબર અને તેટલો જ ખર્ચ મકાનનો તળિયું નવું બનાવવા માટેનો મળે ૧૦ થી ૧૨ લાખમાં મકાન નક્કી કરેલ હાઈટ પ્રમાણે ઊંચું થઈ જાય છે અને તે ચણતરની કોસ્ટ કરતાં માત્ર ૨૫ થી ૩૦ ટકા રકમમાં થાય છે.

નવા અને જૂના દરેક બાંધકામ અને અમે ગેરંટી થી ઉંચુ કરી આપીએ છીએ ૪૦ ૫૦ કે ૬૦ વર્ષ જુના

(અનુ. પાના નં.૭)

## મતદારયાદીમાં નોંધાવવા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીની જાહેર અપીલ

# અમરેલી જિલ્લામાં તા.૧૭, તા.૨૩ અને તા. ૨૪મીએ તંત્ર દ્વારા ખાસ ઝુંબેશ યોજાશે

### જિલ્લાના ૧, ૩૭૧ મતદાન મથકો ખાતે સવારે ૧૦ થી ૫ સુધી નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારાશે

અમરેલી, ભારતના ચૂંટણીપંચ દ્વારા તા.૦૧.૦૧.૨૦૨૫ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૫ જાહેર કરવામાં આવ્યો છે. તા.૦૧.૦૧. ૨૦૨૫ની સ્થિતિએ લાયકાત ધરાવતા ભારતના નાગરિકો મતદારયાદીમાં પોતાના નામની નોંધણી કરાવી શકશે, મતદારયાદીમાં નામ ધરાવતા મતદારો પોતાની વિગતોમાં સુધારા કરાવી શકશે. નવેમ્બર-૨૦૨૪ની તા.૧૭.૧૧.૨૦૨૪ રવિવાર, તા.૨૩. ૧૧. ૨૦૨૪ શનિવાર, તા.૨૪. ૧૧.૨૦૨૪ રવિવારના રોજ ખાસ ઝુંબેશ યોજાશે. જિલ્લામાં સમાવિષ્ટ ૧,૩૭૧ મતદાન મથકો ખાતે બુથ લેવલ અધિકારીઓ સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ઉપસ્થિત રહી મતદાર યાદીમાં નામ નોંધણી, સુધારા, કમી માટેના ફોર્મ્સ સ્વીકારવામાં આવશે. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www. voterportal. eci.gov.in , BLO App, ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરવો. દેશના યુવા નાગરિકો કે જે અમરેલી જિલ્લામાં વસવાટ કરે છે તે તમામ નાગરિકોએ તેમનું નામ મતદારયાદીમાં નોંધાવવા અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ એક અખબારી યાદીમાં જાહેર અપીલ કરી છે.

# લુણસાપુરમાં ૩ ડાલામથ્થા સિંહોને એક ભેંસે ભગાડ્યાં

### જાફરાબાદી ભેંસ ડાલામથ્થા સિંહોને ભારે પડી : સોશ્યલ મિડીયામાં વિડીયો વાયરલ

રાજુલા, (કનુભાઈ વરૂ)અમરેલી જિલ્લામા સિંહોના વીડિયો અલગ અલગ રીતે સોશ્યલ મીડિયામાં વાયરલ થય રહ્યા છે વધુ એક વીડિયો જાફરાબાદ તાલુકાના લુણસાપુર સોશ્યલ મીડીયામાં વાયરલ થયો છે ગામની શેરીઓમા રહેણાંક વિસ્તારમા માધાભાઈ કવાડ નામના વ્યક્તિની ઝાફરાબાદી ભેંસનો ૩ સાવજો શિકાર કરવા માટે પ્રથમ હુમલો કર્યો પરંતુ બહાદુરી પૂર્વક ભેંસએ હાર ન માની સામનો કરવા માટેનો પ્રયાસ કરતા ૩

(અનુ. પાના નં.૭)






















૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

**૬૯,૨૦૦/-**

(૧૦ ગ્રામ)

રહેલ તા.૨૨-૧૧-૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

## ડો.પ્રવિણભાઇ તોગડીયાના આદેશ અને માર્ગદર્શન નીચે

# અમરેલીની ટીમ દ્વારા પ્રયાગમાં કુંભ મેળાની તૈયારી

**આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગ દળ અને તમામ આયામોની બેઠકમાં કાર્યક્રમો અંગે માર્ગદર્શન આપતાં ડો. પ્રવિણભાઇ તોગડીયા : બેઠકમાં ચર્ચા વિચારણા સાથે જવાબદારી સોંપાઇ**

**સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી મોટી સંખ્યામાં જોડાવા ડો. ગજેરા, શ્રી નિર્મળભાઇ ખુમાણ શ્રી મનસુખભાઇ રૈયાણી, શ્રી સરેશ સોલંકી, ડો. દેસાણી, શ્રી દડુભાઇ ખાચર, શ્રી જીલુભાઇ વાળા સહિતની તૈયારી**







અમરેલી,

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ અને તમામ આયામોની એક એક બેઠક મળેલી આ બેઠક આગામી ૨૦૨૫ માં પ્રયાગ ખાતે કુંભમેળાનું ખૂબ જ ભવ્યથી ભવ્ય ઉજવાઈ રહ્યો છે ત્યારે આ કુંભમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા તેમના સ્થાપક માનનીય શ્રી ડોક્ટર પ્રવીણભાઈ તોગડિયાના આદેશ અને તેમના માર્ગદર્શન નીચે આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આ કુંભમાં બે કરોડ માણસોને ભોજનની વ્યવસ્થા સાથે સાથે લાખો માણસોને રહેવા માટે ટેન્ટ ઉભા કરવામાં આવ્યા છે ત્યારે પૂરા ભારત ભરમાંથી આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના તમામ કાર્યકર્તા ભાઈઓ અને બહેનો આ કુંભમાં સેવા આપવા જવા માટે અને આગામી ૨૪ ૨૫ જાન્યુઆરીના રોજ પ્રયાગમાં જે વિરાટ હિન્દુ સંત સંમેલન યોજવાનું છે ત્યારે આમાં પણ સૌરાષ્ટ્રના દરેક પ્રાંતમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં હિન્દુ કાર્યકર્તા ભાઈઓ જોડાવા માટે સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડોક્ટર ગજેરા સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મંત્રી નિર્મળસિંહ ખુમાણ પ્રાંત ઉપાધ્યક્ષ મનસુખભાઈ રૈયાણી જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી વિભાગ અધ્યક્ષ ડોક્ટર દેસાણી જિલ્લા કાર્યકારી અધ્યક્ષ જીલુભાઈ વાળા જિલ્લા ઉપાધ્યક્ષ દડુભાઈ ખાચર તેમજ રાષ્ટ્રીય બજરંગ દળ વિભાગ અધ્યક્ષ દિલીપભાઈ બામટા તેમજ રાષ્ટ્રીય બજરંગદળ જિલ્લા અધ્યક્ષ મજબૂતસિંહ બસિયા મંત્રી વિપુલભાઈ ગજેરા અને ઘણા બધા કાર્યકર્તા ભાઈઓ દ્વારા આ બેઠકમાં આગામી કુંભમાં જવા માટે તૈયારી અને જિલ્લાના તમામ તાલુકાઓમાં તેમજ શહેરમાં વીર હનુમાન હિન્દુ યાત્રા કાઢવા બાબત તેમજ આ કુંભ માટે યથાશક્તિ અન્નદાન અને ભેટદાન કરવા માટે ના આયોજનો ગોઠવેલા તેમ આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ સુરેશભાઈ સોલંકી દ્વારા જણાવવામાં આવેલ છે.

## ચોટીલા પંથકમાં અને કાઠી ક્ષત્રીય સમાજમાં ઘેરા શોકની લાગણી

# ચોટીલાનાં સણોસરા ગામનાં ગરાસદાર શ્રી કનુબાપુ ખાચરનાં માતુશ્રી હીરબાઇમાનું ૧૧૫ વર્ષની ઉંમરે નિધન

**૧૧૫ વર્ષની ઉંમરે પણ વહેલી સવારે ગાય-કુતરા અને પક્ષીઓને નિત્ય અન્નદાન કરનાર સૌના મોભીસમાશ્રી હિરબાઇમાનાં નિધનથી ગામે વડીલ ગુમાવ્યાં**



મોટાઆગરીયા, (પ્રકાશભાઈ ખુમાણ)

ચોટીલા તાલુકાના સણોસરા ગામના જમીનદાર દરબારશ્રી કનુબાપુ અનકબાપુ ખાચરનાનાં માતુશ્રી હીરબાઈમાંનુ ૧૧૫ વર્ષની ઉંમરે નિધન થતાં ગામ અને પરીવારમાં તથા ચોટીલા પંથકમાં ઘેરો શોક વ્યાપી ગયેલ છે.

જેમણે રાજાશાહી યુગને જોયેલો એવા લોકશાહીના યુગમાં શ્રી હિરબાઈમા આખા ગામમાં લોકચાહનાવાળા હતાં. તેઓ નિત્યક્રમે સવારે વહેલા ઊઠીને પૂજાપાઠ કરી ગાય અને કુતરાને રોટલો ખવડાવે, પક્ષીઓને ચણ નાખે. એમને મળો એટલે નિર્મળ ભાષાથી વાત, ઝીણવટભરી જૂનવાણી વાતોની ગોષ્ઠી જામે. પરીવારજનો માટે નહિ, આખા ગામની સ્ત્રીઓને માં માટે અનહદ માન. ટૂંકમાં માં એટલે એમની પાસે બેસો તો શાંતિ મળે એવું પ્રેમાળ વ્યક્તિત્વ હોય તેમનાં નિધનથી આખા ગામ તથા આજુબાજુના પંથક મા ઘેરો શોક વ્યાપી ગયો હતો.

## પ્રજાને આપેલા વચનો માટે કટીબધ્ધ ધારાસભ્ય શ્રી તળાવિયા અને સાંસદશ્રી સુતરીયાની રજૂઆત રંગ લાવી

# લાઠીના ભાલવાવથી નાના ચારોડીયાનો રોડ રૂ. 3 કરોડ ખર્ચે નવો રોડ મંજુર કરાવતા ધારાસભ્યશ્રી જનકભાઇ તળાવીયા

**વર્ષો જુની ગામડાઓની સમસ્યાનો અંત આવશે, લાઠી વિસ્તારના કાચા રસ્તાને પાકો ડામર રોડ બનાવવામાં આવશે**



અમરેલી,

લાઠી બાબરા વિસ્તારમાં જનકભાઇ ચુંટાઇ આવ્યા બાદ હમેંશા ગાંધીનગરથી વિકાસના કામોની સરવાણી ચાલુ છે. રાજયભરમાં ભાજપની વિકાસશીલ સરકાર વિકાસની અનેરી ભેટ આપી રહી છે. ત્યારે પોતાનો વિસ્તાર વિકાસથી વંચીત ન રહે તે માટે હમેંશા ચિંતાતુર લાઠી બાબરા વિધાનસભાના ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા તેમજ સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા દ્વારા રાજ્ય સરકારને લાઠી,બાબરા, અમરેલી વિસ્તારના સર્વાંગી વિકાસ માટેની રજૂઆતો સતત કરવામાં આવી રહી છે જિલ્લા પંચાયત હસ્તકના રસ્તાઓ હયાત નાળા કોઝવે બન્યાને વર્ષોથઈ ગયા હોવાથી બધા જ નાળા અને પુલિયાને નવા બનાવવા કે રીપેર કરવાની જરૂરિયાત ઊભી થવાથી જે બાબતને ગંભીરતા પૂર્વક હાથ પર લઈ ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને રજૂઆત કરેલ જે રજુઆતને પગલે રાજ્ય સરકાર દ્વારા અગાઉ નાળા,પુલ, ડામર રોડને રીસર્ફેશ કરવાના અનેક મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગંભીરતા સમજીઆવા કામોને મંજૂરી આપી છે જનકભાઈ તળાવીયા પોતાના વિધાનસભાવિસ્તારને વધારે વિકાસશીલ બનાવવા માટે સતત પ્રયત્નશીલ રહે છે તેઓના વિધાનસભા વિસ્તારના લોકોને રોડ રસ્તા કે બીજા વિકાસના કામો હોય સતત પ્રયાસો કરી રહ્યા છે ત્યારે હાલ તાજેતરમાં જનકભાઈ તળાવીયાએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી હતી જે લાઠી તાલુકાના ભાલવાવ ગામથી નાના ચારોડીયા જિલ્લા હદ સુધીના રોડ રૂ. ૩ કરોડ ના ખર્ચે નવો ડામર રોડ મંજુર કરવામાં આવેલ છે તેની સાથે અનેક નવા ડામર રોડ બનાવવાના કામો મંજુર કરવામાં આવેલ છે. આ તમામ નવા પાકા ડામર રોડના કામો મંજુર થતા સ્થાનિક લોકો દ્વારા ખુશી ની લાગણી કરવામાં આવી હતી અને ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા તેમજ સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાનો આભાર માનવામાં આવ્યો હતો

## જિલ્લા વિકાસ અધિકારીએ કરેલ સસ્પેન્શન ઓર્ડરથી આનંદ વ્યક્ત કરતા શ્રી મયાત્રા

# બગસરાના પીઠડીયા ગામના સરપંચે દબાણ કરતા સસ્પેન્ડ કરાયાં હવે દબાણ પણ હટાવો : શ્રી મયાત્રા

**સરપંચે કરેલા દબાણ ઉપર બુલ્ડોઝર ફેરવી દબાણ હટાવવું જોઇએ**

અમરેલી,

બગસરા તાલુકાના પીઠડીયા ગામે અરજદાર જીવનભાઈ જે.મૈયાત્રા દ્વારા ગામનાં સરપંચે સરકારી જમીનમાં દબાણ કર્યુ હોવા સહિતની કરેલી રજુઆતોને પગલે મામલતદાર બગસરા સમક્ષ કેસ ચાલતા સરપંચ અરવિંદભાઈ કાનજીભાઈ ચૌહાણ દ્વારા દબાણ કરેલ હોવાનું ફલીત થયેલ ઉપરોકત બાબતોને ધ્યાને લઈ જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયા દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ કલમ-૫૭(૧) હેઠળ અરવિંદભાઈ કાનજીભાઈ ચૌહાણને પોતાની સતાનો દુર ઉપયોગ કરવા બદલ પીઠડીયા ગામના સરપંચના હોદા પરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. અને અરજદાર જીવનભાઈ મૈયાત્રાએ સરકારે જેવી રીતે સરપંચને સસ્પેન્ડ કર્યા તેવી જ રીતે હવે તેણે કરેલા દબાણ ઉપર બુલ્ડોઝર ફેરવી દબાણ દુર થવું જોઈએ તેવી માંગણી પણ કરી છે.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ૨૭મીએ રોજગાર ભરતી મેળો યોજાશે

**ભરતી મેળાનો લાભ લેવા અનુરોધ કરાયો**

અમરેલી,

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા.૨૭ નવેમ્બર,૨૦૨૪ ને બુધવારના રોજ રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લાના એકમો માટે ખાલી છે તેવી વિવિધ જગ્યાઓ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા, ધો.૦૭ થી ધો.૧૨ પાસ તેમજ સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકોએ અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ કેમ્પસ) ખાતે તા.૨૭મીએ સવારે ૧૧ વાગ્યે ઉપસ્થિત રહેવું.

ભારતીમેળામાં ભાગ લેવા માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી રજિસ્ટ્રેશન લીંક https&//anubandham.gujarat.gov.in/account/signup પર નોંધણી થયા બાદ પોર્ટલ પર નંચૈહ કરી પોર્ટલ જોબફેરના મેનુમાં કલીક કરી જરુરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. ભરતીમેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે જોબસીકર તરીકે નોંધાણી કરાવવી ફરજિયાત છે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શન માટે અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ

# ખાંભા ખાતે ૭૧ માં અખીલ ભારતીય સહકાર સપ્તાહ અતંર્ગત સહકારી સેમિનાર યોજાયો

**સેમિનારમાં શ્રી પાનસુરીયા, શ્રી હિરપરા, શ્રી રામાણી સહિતનું માર્ગદર્શન**



અમરેલી, ગુજરાત રાજ્ય સહકારી સંઘ ના દિશાનિર્દેશો અનુસાર અને અમરેલી સહકારી સંઘ ના અધ્યક્ષ શ્રી મનીષ સંઘાણી ના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા ખાંભા ખાતે ૭૧ માં અખીલ ભારતીય સહકાર સપ્તાહ અતંર્ગત સહકારી સંસ્થાઓ, મંડળીઓ વચ્ચે સહકારનું સુદધિકરણ જેવા વિષય પર સહકારી સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ ના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, ગુજરાત પ્રદેશ કિસાન મોરચા ના મહામંત્રી શ્રી હિરેનભાઈ હીરપરા, અમરેલી જીલ્લા સહકારી સંઘ ના ડાયરેકટર અને યુવા સમિતિના અધ્યક્ષ શ્રી જીજ્ઞેશભાઈ (ડેની) રામાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘ ના ડાયરેક્ટર શ્રી યોગેશભાઈ બારૈયા, શ્રી અમરિશભાઈ જોષી, શ્રી દેવભાઈ વરું, ખાંભા તાલુકા ભાજપ અધ્યક્ષ શ્રી વિપુલભાઈ સેલડિયા, ખાંભા તાલુકા અધ્યક્ષ શ્રી ભીખાભાઈ સરવૈયા, એ.પી.એમ.સી. ખાંભા નાં અધ્યક્ષ શ્રી વિનુભાઈ રયાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘ યુવા સમિતિના ડાયરેક્ટર શ્રી રવિભાઈ ધાનાણી, શ્રી રવિભાઈ પંડ્યા, શ્રી રમેશભાઈ માંડવીયા, સહકારી અગ્રણી અને રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં જનઆરોગ્ય તાલીમ અપાઇ

**ચાર દિવસની તાલીમમાં તબીબી અધિકારીઓનું માર્ગદર્શન**



રાજુલા, (કનુભાઈ વરૂ)

રાજુલા તાલુકાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે દિન ચાર ની તાલુકા હેલ્થ ઓફિસર ડોકટર નિલેશ આયુષ મેડિકલ ઓફિસર ડોકટર નિકુંજ વ્યાસ અને સીએચઓ નોડાલ દ્વારા સમગ્ર પ્રાથમિક આરોગ્યની સેવાઓ ગુણવત્તા ઉપલબ્ધતા પહોંચ અને ઉપયોગીતા યુક્ત મળી રહે તે હેતુસર જન આરોગ્ય સમિતિની તાલીમ રાજુલા તાલુકાના પી એચ સી અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના જન આરોગ્ય સમિતિના સભ્યો એફ એચ ડબલ્યુ તથા પ્રવિણાબેન જોગીદીયા એમપીએચ મેડિકલ ઓફિસર સીએચઓ અને આશા બહેનોને તાલીમ આપવામાં આવી જેમાં સમિતિની રચના જન આરોગ્ય સમિતિનો હેતુ સમિતિ નું કાર્ય સભ્યોની જવાબદારી મીટીંગ અને દસ્તાવેજીકરણ જન આરોગ્ય સમિતિ અનટાઈડ ફંડ સમુદાયના સ્વાસ્થ્ય અને સમજવું વગેરે દરેક મુદ્દાઓની વિગતવાર સમજણ અને તાલીમ આપવામાં આવી

# ૨૭મીએ ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**તા. ૨૨ નવેમ્બર સુધીમાં પ્રશ્નો રજૂ કરવા**

અમરેલી,

ખાંભા તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૭ નવેમ્બર, ૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય, તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૨૨ નવેમ્બર,૨૦૨૪ સુધીમાં ખાંભા તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ ખાંભા તાલુકા મામલતદારશ્રીએ એક યાદીમાં જણાવ્યું હતું.

**રાજકમલ ચોકમાં દુકાન વેચવાની છે**
અતિ મોકાની રોડ ટચ, ટાઇટલ કલીયર,
દસ્તાવેજવાળી દુકાન,
સાઇઝ ૧૦ X ૧૭ = ૧૭૦ ફુટ વેચાણથી
આપવાની છે. પી.ઓ.પી. લાઇટ, કલર,
બોર્ડ એસીપી, કમ્પલીટ દુકાન
(દલાલ ભાઇઓએ તસ્દી લેવી)
સંપર્ક કરો :- મો.૯૪૨૮૩ ૪૩૦૪૮

**સેલ્સમેન કમ ડ્રાઇવર જોઇએ છે**
રસ ધરાવતા વ્યક્તિઓ
નીચેના નંબર પર સંપર્ક કરે
સંપર્ક : અમરેલી મો.૯૮૯૮૦ ૫૨૯૭૭

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી
બર્થડે પાર્ટી
પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ
માત્ર
રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**એસટી ડેપો સામે દુકાન વેચવાની છે**
અમરેલીમાં નવા એસ.ટી.બસ પોર્ટ સામે,
જીમખાના શોપીંગ સેન્ટરમાં વ્યાજબી ભાવે
દુકાન વેચવાની છે
સંપર્ક સમય : બપોરે ૨ થી ૫
મો.૯૪૨૬૪ ૨૨૬૭૬

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

## સૌરાષ્ટ્ર-કચ્છમાં વ્હેલી સવારે અને રાત્રીના ઠંડીમાં વધારો થયો

# રાજયભરમાં ઠંડીમાં અમરેલી ત્રીજા નંબરે

### રાજયમાં સૌથી વધુ ગાંધીનગર નલીયા બાદ ત્રીજા ક્રમે અમરેલી શહેરમાં મોડી રાત્રીના અને સવારના વિવિધ ઝુપડપટ્ટી વિસ્તારોમાં લોકોએ તાપણાનો સહારો લીધો

### અમરેલી શહેર અને જિલ્લાભરમાં વ્હેલી સવારે સ્કુલ જતાં બાળકો અને વૃધ્ધો ગરમ વસ્ત્રોમાં ઢબુરાઇને બહાર નિકળ્યા : હજુ ઠંડી વધવા શકયતા

અમરેલી, રાજયભરમાં અમરેલી ઠંડીમાં ત્રીજા નંબરે આવેલ છે. ગાંધીનગર નલીયા બાદ અમરેલીમાં ઠંડીની અસર જોવા મળે છે.

ધીમે ધીમે શિયાળો જામવા લાગ્યો છે અને સુર્યનારાયણના દર્શન બાદ પણ હવે ઠંડીની અસર લોકોને જોવા મળી છે. ગત રાત્રીના અમરેલી શહેરમાં બેઠો ઠાર હોવાનું લોકોએ અહેસાસ કર્યો હતો. મોડી રાત્રીના વ્હેલી સવારે ઝુપડ પટ્ટીમાં રહેતા લોકોએ ઠંડીથી બચવા માટે તાપણાનો સહારો લીધો હતો, અને રાત્રીના ઠંડીના કારણે શહેરની બજારો પણ સુમસામ ભાસતી હતી. વ્હેલી સવારે સ્કુલે જતાં બાળકો અને વૃધ્ધો ગરમ વસ્ત્રોમાં ઢબુરાઈને બહાર નિકળ્યા હતાં. અમરેલી શહેરમાં ધીમે ધીમે ઠંડી જામવા લાગતા ગરમ વસ્ત્રો વહેચતાં વેપારીઓને ત્યાં પણ લોકો દ્વારા ગરમ વસ્ત્રોની ખરીદી કરવા માટે ભીડ જોવા મળે છે. રાજયમાં નલીયા ૧૨.૨, ગાંધીનગર ૧૨.૪ અને ત્રીજા નંબર અમરેલી ૧૩.૪ લઘુતમ તાપમાન નોંધાયું હતું. હજુ પણ ઠંડીનું પ્રમાણ વધવાની શકયતાઓ છે.

---

#### એગ્રીસ્ટેક - ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર તકનીકી ખામી સર્જાતા તેમાં નોંધણી થઇ શકશે નહિ

## પીએમ કિસાન યોજના હેઠળ ડિસેમ્બર માસનો હપ્તો મેળવવા માટે ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાત

### ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨.૫ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ થઇ

અમરેલી,ખેડૂતો માટેની એક મહત્વપૂર્ણ પહેલના ભાગરૂપે ગુજરાતમાં એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ખેડૂત ખાતેદારના લેંડ રેકર્ડને યુનિક આઈ.ડી સાથે લીંક કરવા માટે ગત તા. ૧૫ ઓક્ટોબરથી ફાર્મર રજીસ્ટ્રી શરૂ કરવામાં આવી છે. આ રજીસ્ટ્રી હેઠળ દરેક ખેડૂતને આધાર આઈ.ડી.ની જેમ ૧૧ ડિજિટનો યુનિક ફાર્મર આઈ.ડી આપવામાં આવશે, જેમાં ખેડૂટોની જમીન સહિતની વિગતો ઉપલબ્ધ રહેશે. આ આઈ.ડીના માધ્યમથી ખેડૂતોને રાજ્ય તથા કેન્દ્ર સરકારની વિવિધ હિતલક્ષી યોજનાઓનો લાભ સરળ, પારદર્શક અને સમયસર મળશે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨.૫ લાખથી વધુ ખેડૂતોની નોંધણી પૂર્ણ કરી છે. ભારત સરકારની સૂચના અનુસાર એગ્રીસ્ટેક પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના તમામ ખેડૂતોની ફાર્મર રજીસ્ટ્રી તા. ૨૫-૦૩-૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. જયારે, પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થી ખેડૂતોને આગામી ડિસેમ્બર માસનો હપ્તો મેળવવા માટે તા. ૨૫-૧૧-૨૦૨૪ પહેલા ફાર્મર રજીસ્ટ્રી ફરજીયાતપણે પૂર્ણ કરવા જણાવાયું હતું. પરંતુ હાલમાં ગુજરાતના ફાર્મર રજીસ્ટ્રી પોર્ટલ પર કેટલીક ટેકનિકલ ખામી સર્જાઈ હોવાના કારણે નોંધણી થઈ શકશે નહિ. ટૂંક સમયમાં જ આ ખામીને દૂર કરીને નોંધણી પ્રક્રિયા ફરી શરુ કરીને ખેડૂતોને જાણ કરવામાં આવશે.

---

## બાગાયત ખાતાની ક્રોપ કવર (શાકભાજી પાકો માટે) યોજનામાં સહાય મેળવવા અરજી કરવી

### આઇ-ખેડૂત પોર્ટલ પર તા. ૨૦ ડિસેમ્બર સુધીમાં અરજી કરવા બાગાયત અધિકારીશ્રીનો અનુરોધ

અમરેલી,

બાગાયત ખાતા દ્વારા નવી યોજનાઓ ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર, બેગ (કેળ, પપૈયા પાક માટે), દાડમ ક્રોપ કવર, ખારેક બંચ કવર, ફ્રૂટ કવર (આંબા, દાડમ, જામફળ, સીતાફળ, કમલમ) તેમજ ચાલુ યોજનાઓ દરિયાઈ માર્ગે ફળ, શાકભાજી, ફૂલ, છોડનાં નિકાસ માટે વાહતુક ખર્ચ, હવાઈ માર્ગ બાગાયત પેદાશની નિકાશ માટેના નૂરમાં સહાય તથા નિકાસકારોને બાગાયતી પાકોની ઈરેડીએશન પ્રક્રિયામાં સહાય માટે આઈ ખેડૂત પોર્ટલ મારફતે અરજી સ્વીકારવામાં આવશે. વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માટે આ સહાયનો લાભ મેળવવા અમરેલી જિલ્લાના ખેડુતોએ આઈ - ખેડૂત પોર્ટલ http&//ikhedut. gujarat. gov.in પર તા.૨૧.૧૧.૨૦૨૪ થી તા.૨૦.૧૨.૨૦૨૪ દરમિયાન અરજી કરવી. અરજી કરતી વખતે ખેડૂત ખાતેદારે ૭-૧૨, ૮-અ, બચત બેંક ખાતા, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબરની વિગતો વગેરે પુરાવા સાથે રાખવા જરુરી છે. ઓનલાઈન અરજી કરી જરુરી સાધનિક પુરાવા સાથે નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત કચેરી, બાગાયત ભવન, સરદાર ચોક, ચક્કરગઢ રોડ, અમરેલી પિન નં.૩૬૫૬૦૧ પર મોકલવી. આ અંગેની વધુ વિગતો માટે ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૮૪૪ પર સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

## બગસરાનાં મોટા પીઠડીયામાં રામજી મંદિરે પંચવર્ષીય યજ્ઞમહોત્સવ યોજાયો

### રામજી મંદિરનાં પાંચ વર્ષ પુરા થતા શેલડીયા પરિવાર દ્વારા આયોજન



ખારી, (અશોક મણવર)

અમરેલીના બગસરા તાલુકાના મોટા પીઠડીયા ગામે શેલડીયા પરિવાર દ્વારા પાંચ વર્ષ પહેલા રામજી મંદિરનું નવ નિર્માણ કરી શ્રીરામની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ કરાયું હોય તેના પાંચ વર્ષે પૂર્ણ થતા પંચ વર્ષીય મહા યજ્ઞ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યું જેમાં સાંજના ચાર વાગ્યે યજ્ઞની પુર્ણાહુતી અને સાડા ચાર વાગ્યે મહાઆરતીનુ આયોજન કરાયુ જેમાં ગામ લોકો સહિત ભાવિ ભક્તિ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી મહા આરતીનો લાભ લીધેલ આ પંચવર્ષીય મહોત્સવમાં યજમાન પડે શ્રીમતી નાથીબેન ભાઈલાલભાઈ શેલડીયા તથા શ્રીભાઈલાલભાઈ દુદાભાઈ શેલડીયા સહિત શેલડીયા પરિવારના ભાઈઓ અને બહેનો જોડાયેલ આ યજ્ઞ મહોત્સવમાં ભોજન ભજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો યજ્ઞના આચાર્ય પદે શાસ્ત્રી શ્રી સચિનભાઈ વ્રજલાલ જોશી દ્વારા યજ્ઞપવિત્ર કરવામાં આવ્યું. આ પંચ વર્ષીય યજ્ઞમાં જયંતીભાઈ શેલડીયા બંસીભાઈ રૂપાપરા શેલડીયા ઘનશ્યામભાઈ શેલડીયા સહિત પરિવારજનો ઉપસ્થિત રહી પંચ વર્ષીય યજ્ઞ મહોત્સવની પૂર્ણાહુતી કરવામાં આવી હોવાનું પૂર્વ સરપંચ ચંદુભાઈ નાકરાણીએ જણાવ્યું હતું.

---

#### ટોરેન્ટ ગ્રૂપ યુ.એન.એફ ફાઉન્ડેશન દ્વારા

## અભિવ્યકિતની છઠ્ઠી આવૃતિના મંચ ઉપર કલા સંગીત, નૃત્ય જીવંત બન્યાં

### પરંપરાગત બેઠા ગરબા, શાસ્ત્રી નૃત્ય સહિત કાર્યક્રમો





અમદાવાદ, (રાજેશ મહેતા)

ટોરેન્ટ ગ્રુપના મહેતા પરિવાર-પ્રેરિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ એવા અભિવ્યક્તિ-ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિ વિવિધ પ્રકારના પ્રદર્શનોને એક સાથે લઈને આવી છે, જેણે યુવાનોથી લઈને વૃદ્ધો સુધી તમામ વયના દર્શકોને મોહિત કર્યા છે. શુક્રવારે યોજાયેલ માર્શલ-આર્ટ ઉપર આધારિત સમકાલીન નૃત્ય, ૧૭મી સદીના પરંપરાગત સંગીત, પ્રયોગાત્મક રંચમંચ અને ભારતનાટ્યમ, કથક, મોહિનીઅટ્ટમ સહિતના ભારતીય શાસ્ત્રીય નૃત્ય સ્વરૂપોની ગતિશીલતા અને કલાત્મકતાએ દર્શકોને મંત્રમુગ્ધ ગોપાલ અગ્રવાલ અને આકાશ વણઝારાએ માર્શલ આર્ટ્સની થીમ પર આધારિત પારંપારીક નૃત્ય પ્રદર્શનલ ટેરિટોરિયલ રજુ કરીને સાંજની રોનક વધારી દીધી હતી. ત્યાર બાદ ગાયક અનુપા પોટાના શરણમ વૃંદ દ્વારા પ્રસ્તૃત કરાયેલ પરંપરાગત બેઠા ગરબાની ભાવપૂર્ણ ધૂને દર્શકોના દિલને સ્પર્શવાની સાથે સાથે સાંસ્કૃતિક ગૌરવ અને જુની યાદીના ભાવને જાગૃત કર્યો હતો. અભિવ્યક્તિના બીજા ઘર એવા અટીરા ખાતે ડો. ઐશ્વરિયા વોરિયરે પોતાનું ત્રિપુથુ નૃત્ય નાટિકા પ્રસ્તૃત કર્યુ. ડો. ઐશ્વરિયાએ મોહિનીયટ્ટમ નૃત્ય નાટિકા (નૃત્ય બેલે) ના માધ્યમથી દેવી પાર્વતિના માસિક ધર્મ આધારિત એક પવિત્ર અને દુર્લભ તહેવારને જીવંત કર્યો. આ અનોખી પ્રસ્તુતિએ દિવ્ય સ્ત્રીત્વનું સન્માન કરવાની સાથે માસિક ધર્મ સાથે જોડાયેલ સામાજિક માન્યતાઓને પડકારી. નૃત્ય, સંગીત અને નાટિકાના સંયોજનના માધ્મથી આ પ્રસ્તુતિએ મહિલા દર્શકો સહિત તમામને સશક્તિકરણનો અનુભવ કરાવ્યો મંચ પ્રસ્તુતિમાં નૃત્યકાર બેલડી તારિણી ત્રિપાઠી અને શાલ્મલી ઝંકરે અલૌકિકની થીમ અંતર્ગત કથકની અદભૂત પ્રસ્તુતિ કરી. પ્રિયાંક ઉપાધ્યાયની નાટ્ય પ્રસ્તુતિ ‘શૂન્યાવતાર‘ માં દર્શકોને અન્ય એક આધ્યાત્મિક અનુભવ પ્રાપ્ત થાય છે. જોડિયા બહેનો મૌસમ અને મલકા મહેતાએ વૃંદાવનની લોક પરંપરા ’હોરી કે રસિયા’ રજૂ કરી દર્શકોને પોતાના અભિનયથી મંત્રમુગ્ધ કરીદીધા હતા. જાણીતા લેખક, દિગ્દર્શક ચેતન દૈયાની હાસ્ય નાટ્ય પ્રસ્તૃતિ સાથે શુક્રવારની રાત્રનું સમાપન એકદમ હળવા અંદાજમાં થયુ. આ નાટ્ય પ્રસ્તુતિએ દર્શકોને પેટ પકડીને હસાવવાની સાથે સામાજિક મુદ્દાઓ ઉપર ચિંતન કરવા પ્રેરિત કર્યા હતા. આજે તા. ૨૩ને સાંજે ૫ વાગ્યે વિઝ્યુઅલ આર્ટ પ્રદર્શન ખુલ્લુ રહેશે, અને એનથી થિયેટરમાં જૈમિન જોષી દ્વારા નૃત્ય, ઓડિટોરિયમ કેમ્પમાં તુષાર શર્મા દ્વારા હાસ્ય અને ડ્રામા સાથે નાટક, મંચ કેમ્પસમાં સ્મિત ભટ્ટ દ્વારા સંગીત અટીરામા રાકેશવાની દ્વારા સંગીત, પ્લેટફોર્મ જીયુમાં રાગી ખંભાલવીનું લોકસંગીતા અને માનષી મોદીનું નૃત્યુ, એમફીથિયેટર રાજુ બારોટ દ્વારા લોકસંગીત, ઓડિટોરીયમમાં ભગવત પ્રજાપતિ દ્વારા નૃત્ય, મંચ કેમ્પસમાં સંગીત ફયુઝન રોક, અટીરામા અન્નયા વૈદ દ્વારા નાટક રજુ થનાર છે. તેમ જણાવાયું છે.

### અવસાન નોંધ

અમરેલી

અમરેલીના લીલાબેન લાલજીભાઈ કાથરોટીયા ઉ.વ.૭૫ તે રમેશભાઈ અને વિનુભાઈ કાથરોટીયાના માતૃશ્રીનું તા. ૨૨-૧૧-૨૪ને શુક્રવારે અવસાન થયેલ છે. અમરેલી ખાતે સદગતનું બેસણુ તા. ૨૪ને રવિવારે બપોરે ૩ થી ૬ શ્યામવાડી લીલીયા રોડ અમરેલી ખાતે રાખેલ છે.

### છેલ્લા પાનાનું યુવા ઉત્સવ સ્પર્ધા

વર્ષના જિલ્લાકક્ષાએ પ્રથમ ક્રમાંક વિજેતા કલાકાર ભાઈઓ-બહેનો અ-બ અને ખુલ્લા વિભાગની વકૃત્વ, શીઘ્ર વકૃત્વ, નિબંધ, પાદપૂર્તિ, ગઝલ, શાયરી, કાવ્યલેખન, દોહા-છંદ-ચોપાઈ, લોકવાર્તા, સર્જનાત્મક કારીગરી, ચિત્રકલા, લગ્નગીત, હળવું કંઠ્ય લોકવાદ્ય, ભજન, સમૂહગીત, એકપાત્રીય અભિનય, લોકનૃત્ય, લોકગીત, એકાંકી, શાસ્ત્રીય કંઠ્ય સંગીત, વાંસળી, તબલા, હાર્મોનિયમ (હળવું), ગીટાર, શાસ્ત્રીય નૃત્ય ઓડીસી, કથ્થક, કુચીપુડી, ભરત નાટ્યમ, પોસ્ટર મેકિંગ, હેન્ડીક્રાફ્ટ ડીક્લેમેશન, કાવ્યલેખન, વાંચન, સ્ટોરી રાઈટીંગ, વિજ્ઞાનમેળાની વિવિધ કૃતિઓ-સ્પર્ધાઓમાં ભાગ લેશે. આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતિય નંબરના વિજેતા કલાકારો ડિસેમ્બરમાં રાજકોટ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની યુવા ઉત્સવ સ્પર્ધામાં ભાગ લેશે. પ્રદેશકક્ષા યુવા ઉત્સવ સ્પર્ધા ૨૦૨૪-૨૫ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલી લોકસભા સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા અને અતિથિ વિશેષ તરીકે જિલ્લાના ધારાસભ્ય સર્વ શ્રી જે.વી.કાકડીયા, શ્રી હીરાભાઈ સોલંકી, શ્રી મહેશભાઈ કસવાલા, શ્રી જનકભાઈ તળાવીયા અને અમરેલી નગરપાલિકા પ્રમુખ શ્રી બિપીનભાઈ લીંબાણી ઉપસ્થિત રહેશે. સૌરાષ્ટ્ર પ્રદેશકક્ષા યુવા ઉત્સવમાં ભાગ લેવા અંગેની જરુરી વધુ વિગતો માટે કચેરીના ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૬૩૦ પર સંપર્ક કરવો તેમ અમરેલી જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

## અમરેલીથી રાજકોટ જવા બસ વધારવા અને લાંબા રૂટની બસો શરૂ કરવા માંગ

### અમરેલીથી લાંબા રૂટની બસ ન હોવાથી મુશ્કેલી



અમરેલી,

લાઠીથી રાજકોટ જવા આખો દિવસ માં માત્ર ૩ બસ જેમાં ૨ બસ સવારે અને ૧ બસ બપોરે. ૧.૩૦ આ બસ જાય પછી એક પણ બસ રાજકોટ જવા માટે નથી..વાયા ચિતલ થઈ અઢળક બસ ચાલે છે..તો અમુક બસ વાયા લાઠી કરી.. લાઠી ની જનતા આ લાભ આપે તેવી અમરેલી ના ડેપોને વિનંતી કરી હતી. દ્વારાકા.. કચ્છ જામનગર જવા માટે ૨૪ કલાક માં લાઠી થી એક પણ બસ નહિ. લાઠી ના લોકો ને આવક.. જાવક માં ઘણી તકલીફ પડે છે. રાજકોટ જામનગર દ્વવારાકા જવા લાઠી ના લોકો એ ચાવંડ કે બાબરા જવું પડે છે.

---

## રાજુલાના ખાખબાઈ જામવાળી ખોડીયાર જગ્યામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

### મહંતશ્રી અયોધ્યાબાપુના હસ્તે વૃક્ષારોપણ કરાયું



અમરેલી,

રાજુલા તાલુકાના જામવાળી ખોડીયાર દયાળે બાપુની જગ્યામાં તા. ૧૪/૧૧/૨૦૨૪ ના રોજ દયાળુ બાપુની જગ્યાના મહંત શ્રી અયોધ્યાબાપુ દ્વારા વૃક્ષા રોપણ કાર્યક્રમ યોજાઈ ગયેલ અમરેલી જિલ્લા કોળી સેવા સમાજ પ્રમુખ શ્રી રમેશભાઈ એસ. ગોહીલ શ્રી ચંદુભાઈ જી કાતરીયા આહિર સમાજ આગેવાન શ્રી વલ્લભભાઈ વઘાસીયા પૂર્વ ટ્રસ્ટી બાળહનુમાન મંદિર શ્રી જયુભાઈ ભદોરીયા અમરેલી ઈશ્વરભાઈ કાબરીયા અમરેલી વૃક્ષા રોપણ કાર્યક્રમ હાજર રહયા હતા.

મહંત શ્રી અયોધ્યાબાપુ અને દયાળુબાપુની જગ્યામાં વૃક્ષોની રક્ષણ થાય તેવું જણાવેલ હતું.

---

#### ધારીમાં ડોકટર રાખોલીયા મંજુરીથી વધુ સમય માટે સોનોગ્રાફી કરતા હોવાથી

## ધારીમાં તબીબ અને સોનોગ્રાફી ઉપર છ મહીના સુધીનો પ્રતિબંધ મુકાયો

### પીસી એન્ડ પીએનડીટીની મળેલી કમીટી બેઠકમાં દ્વારા છ મહીના માટે સોનોગ્રાફી મશીન સીલ કરી તબીબની પ્રેકટીસ ઉપર છ માસ માટે પ્રતિબંધ મુકી દેવાયો



અમરેલી, (ફીલ્ડ રિપોર્ટર) ધારીમાં સોનોગ્રાફી માટે વડોદરીયા હોસ્પિટલમાં વીઝીટીંગ ડોકટર દ્વારા મંગળ અને શુક્રવાર માટે લેવાયેલી સોનોગ્રાફીને બદલે વધુ સમય માટે સોનોગ્રાફી કરાતી હોવાનું ચેકીંગ માટે ગયેલ આરોગ્ય વિભાગ અને આઈએમએના પ્રેસીડેન્ટ ડૉ. ગજેરાની ટીમે તપાસ દરમિયાન શોધી અને તત્કાલ સોનોગ્રાફી બંધ કરાવી હતી. આ મામલા માટે ધારીમાં ડોકટર રાખોલીયા મંજુરીથી વધુ સમય માટે સોનોગ્રાફી કરતા હોવાથી અમરેલી જિલ્લામાં તબીબ અને સોનોગ્રાફી ઉપર છ મહીના સુધી પ્રતિબંધ મુકાયો હોવાનું જાણવા મળેલ છે. પીસી એન્ડ પીએનડીટીની મળેલી કમીટી બેઠકમાં દ્વારા છ મહીના માટે સોનોગ્રાફી મશીન સીલ કરી તબીબની પ્રેકટીસ ઉપર છ માસ માટે પ્રતિબંધ મુકાયો હતો. આ કામગીરીમાં એસડીએએ અને તાલુકા હેલ્થ ઓફિસર ધારીની ટીમ જોડાઈ હતી.

---

## જુનાગઢમાં આજે પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિનું સ્નેહમિલન યોજાશે

### શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ દ્વારા સ્નેહમિલન સહિતનું આયોજન

જુનાગઢ,

જુનાગઢમાં આજે પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિનું નૂતન વર્ષ સ્નેહ મિલન યોજાનાર છે. શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ જુનાગઢ દ્વારા આજે તા. ૨૩-૧૧-૨૪ને શનિવારે સાંજના પાંચ વાગ્યે લોઢીયા વાડી, જયશ્રી ટોકિઝ પાસે જુનાગઢ ખાતે સ્નેહમિલન યોજાશે. રાત્રીના આઠ કલાકે ભોજન સમારોહ પણ યોજાનાર છે. આ સ્નેહમિલન સમારોહમાં પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ વિવિધ ક્ષેત્રના આગેવાનો સહિત ઉપસ્થિત રહેશે તેમ મંત્રીશ્રી રમણીકભાઈ ચલ્લાએ પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ જુનાગઢ દ્વારા જણાવાયું છે.

---

#### વૈવાહિક તકરાર નિવારણ પ્રિલીટીગેશન-લોક અદાલત ખાતે

## અમરેલીમાં પાંચ દંપતિઓની લગ્ન તકરારનું નિવારણ કરાયું

### સુખદ સમાધાન થતાં તેમના બાળકોએ મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરી

અમરેલી ,અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ખાતે કાર્યરત વૈવાહિક તકરાર નિવારણ પ્રિલીટીગેશન લોક અદાલત ખાતે બેન્ચ મેમ્બરશ્રીઓના કુનેહપૂર્વકના પ્રયત્નોથી કોર્ટ કેસ થતાં પહેલાં જ એક સાથે પાંચ દંપતિઓ વચ્ચેની તકરારમાં સુખદ સમાધાન થયું છે. આ દંપતિઓએ તેમના દાંપત્યજીવનની નાવ નવેસરથી આગળ ધપાવવા નિર્ણય કર્યો છે. વૈવાહિક તકરાર નિવારણ લોક અદાલતમાં સમગ્ર જિલ્લામાંથી પતિ-પત્નિના ઝઘડામાં સમાધાન કરાવવા અર્થે અરજીઓ આવે છે. તા.૧૬.૧૧.૨૦૨૪ના રોજ લોક અદાલતમા ૧૦૦થી વધુ કેસો સમાધાનની પ્રક્રિયામાં રાખવામાં આવ્યા હતા અને બહોળી સંખ્યામાં પક્ષકારો ઉપસ્થિત રહ્યા હતા. વૈવાહિક સમાધાનની શૃંખલામાં સિનિયર સિટીઝન દંપતી સહિત પાંચ દંપતિઓ વચ્ચે તકરાર હતી. બેન્ચ મેમ્બરશ્રીઓએ આ દંપતિઓને સમજાવ્યા અને સફળતા મળી હતી. દંપતિઓ વચ્ચે સુખદ સમાધાન થતાં આ દંપતિઓના બાળકોએ મીઠાઈ વહેંચીને ખુશી વ્યક્ત કરી હતી. લોક અદાલત ખાતે મેમ્બર્સ તરીકે સેવા આપતા પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ શ્રી એમ.જે.સૈયદ, તાલીમ પામેલ મીડિયેટર શ્રી એચ.એચ.સેજુએ આ દંપતિઓને સાંભળ્યા હતા. દંપતી વચ્ચે સુમેળ સધાય તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા, આ કાર્યને સફળતા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ગુજરાત હાઈકોર્ટ ચીફ જસ્ટીસ શ્રી સુનિતા અગ્રવાલ દ્વારા સમગ્ર રાજ્યના જિલ્લા મથકે વૈવાહિક તકરાર નિવારણ અર્થે કાયમી પ્રિલીટીગેશન લોક અદાલત શરુ કરાવ્યો. અમરેલી ખાતે કાર્યરત લોક અદાલતના સઘન પ્રયત્નોથી પાંચ દંપતિઓએ ફરીથી તેમનું સહજીવન શરુ કર્યું હતુ તેમ અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સુપ્રિન્ટેન્ડેન્ટશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

---


**નાની ગરમલી પ્રાથમિક શાળા, તા.ધારી, જી.અમરેલી**

**-:: જાહેર હરરાજી ::-**

નાની ગરમલી પ્રા.શાળાના બે રૂમ, ૧ નળીયાવાળો, ૧ સિન્ટેક્ષ રૂમોની જર્જરીત ઇમલાની જાહેર હરરાજી તા.૩-૧૨-૨૦૨૪ મંગળવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે નાની ગરમલી પ્રા.શાળા ખાતે રાખેલ છે. તો રસ ધરાવતી પાર્ટી કે વ્યક્તિએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. આ રૂમોના ઇમલાની અપસેટ કિંમત ૧૦,૫૦૦/- રાખેલ છે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ રૂા.૨૦૦૦/- ડિપોઝીટ પેટે ભરવાના રહેશે. જે હરરાજીના દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે જમા કરાવવાની રહેશે. હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિએ આધારકાર્ડની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. હરરાજીની અન્ય શરતો હરરાજીના દિવસે સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

એસ.એમ.સી. નાની ગરમલી પ્રા.શાળા તા.ધારી, જી.અમરેલી

જે.ડી.જેબલીયા - આચાર્યશ્રી નાની ગરમલી પ્રા.શાળા તા.ધારી, જી.અમરેલી



**જાહેર નોટીસ**

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૩૯/૨૦૨૪

અરજદારશ્રી :- શ્રી કૈલાશબેન કુરજીભાઈ બોરડ (વા/ઓ પ્રવિણભાઈ નાગજીભાઈ વોરા) રહે.વરાછા, સુરત

અરજદારના એડવોકેટ : ચંદ્રેશ આર.રોશનીયા

વિરૂધ્ધ....સામાવાળા :- ૧. તલાટી કમ મંત્રીશ્રી તોરી, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ - ૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રીનો પોતાનો જન્મ તા.૦૧-૧૨-૧૯૬૯ ના રોજ મુ.તોરી, તા.વડીયા, જી.અમરેલી મુકામે થયેલ પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા ખાતે જરૂરી આધાર પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા.૨૧-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ વડીયા



**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી ધારી**

બ.ડે.રજી.કેસ નં.૧૨૭/૨૪

નં.એમએજી/વશી/૬૨૧/૨૦૨૪..............................તા.૨૧-૧૧-૨૦૨૪

અરજદાર :- શ્રી સતાસીયા ગોપાલભાઈ છગનભાઈ રહે.ગોવિંદપુર, તા.ધારી

વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ગોવિંદપુર ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી સતાસીયા ગોપાલભાઈ છગનભાઈ રે. ગોવિંદપુર વાળાએ તેમની પુત્રી શ્રી સતાસીયા અંજલીબેન ગોપાલભાઈનો જન્મ તા.૦૨-૧૦-૨૦૦૩ ના રોજ ધારી તાલુકાના ગોવિંદપુર ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૦૫-૧૨-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધારી

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર

# મહારાષ્ટ્રમાં આજે મતપેટી ખુલશે એટલે મૂળ પક્ષો અને બળવાખોરોનું ભવિષ્ય પ્રગટ થશે !

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પ્રચાર થંભી ગયો ને અટકળોનો જે રાઉન્ડ ચાલુ થયો તે હજુ મતદાન પછી પણ ચાલુ રહ્યો ને હવે આજે મતગણના થશે એટલે કલ્પનાઓ થંભી જશે અને લોકમત જાહેર થશે. ૨૮૮ બેઠકો માટે મતદાન થયું છે. આ વખતની ચૂંટણી ઘણી રીતે ખાસ છે. રાજકીય ઉથલપાથલ બાદ નવા સમીકરણો રચાયા. દરેક બેઠક પર બહુકોણીય હરીફાઈ જોવા મળી. કોઈ એક મુદ્દો અસરકારક નથી. ભાજપના ચૂંટણી નારા પર પણ સર્વસંમતિ સાધી શકી નથી. ઝારખંડમાં બીજા તબક્કાની ૩૮ વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થઈ ગયું છે, પરંતુ ઘણા કારણોને લીધે આ વખતે મહારાષ્ટ્રની ચૂંટણીની લડાઈ ખૂબ જ ખાસ માનવામાં આવી રહી છે.

દેશના સમૃદ્ધ અને વિકસિત રાજ્યોમાં ગણાતા મહારાષ્ટ્રમાં સત્તાની લગામ કોની પાસે છે તેના પર સૌની નજર ટકેલી છે, પરંતુ આ વખતે વાત માત્ર આટલી જ નથી. વર્ષ ૨૦૧૯ માં વિધાનસભા ચૂંટણીના પરિણામો પછી મહારાષ્ટ્રના રાજકારણમાં જે પ્રકારની ઉથલપાથલ જોવા મળી, તેણે રાજ્યના મુખ્ય રાજકીય પક્ષોના સ્વભાવને જ બદલી નાખ્યો અને અગ્રણી રાજકીય પરિવારોની વિશ્વસનીયતા પર સવાલો ઉભા કર્યા પરંતુ તેના વિશ્વાસને પણ અસર કરી. રાજ્યના સામાન્ય મતદારો સામે પણ વિકલ્પોનો પ્રલય થયેલો છે.

તેની અસર આ ચૂંટણીઓમાં ઉઠાવવામાં આવતા મુદ્દાઓ પર જ નહીં પરંતુ તેને ઉઠાવવાની પદ્ધતિઓ પર પણ દેખાઈ રહી. ચૂંટણી જંગનું સ્વરૂપ પણ એ અર્થમાં બદલાયું છે કે લગભગ દરેક વિધાનસભા મતવિસ્તારમાં બહુકોણીય હરીફાઈ રહી છે. નિશ્ચિત સીટો પર બે શિવસેના અને બે એનસીપી, કોંગ્રેસ અને બીજેપીના અધિકૃત ઉમેદવારો છે એટલું જ નહીં, આ પક્ષોના બળવાખોર ઉમેદવારોએ પણ ઘણી જગ્યાએ સ્પર્ધા મુશ્કેલ બનાવી આપી છે. કોના કોના મતમાં કોણ ગાબડાં પાડશે તે અંગે દરેક છાવણીમાં અનિશ્ચિતતા અને મૂંઝવણનો માહોલ છે.

એક અજાયબ બ્લાઈન્ડ ગેઈમ સહુ રમ્યા છે. આ વખતે રાજ્યભરની તમામ વિધાનસભા બેઠકો પર અસરકારક માની શકાય એવો એક પણ મુદ્દો નથી. જેના કારણે સૂત્રોચ્ચારને લઈને પણ શંકા અને મૂંઝવણનો માહોલ જોવા મળ્યો છે. બીજેપી દ્વારા 'બટેંગે તો કટંગે' અને 'એક હૈં તો સેફ હૈ'ના સૂત્રોને સૌથી વધુ મહત્ત્વ આપવામાં આવ્યું હતું, પરંતુ એનડીએ કેમ્પમાં પણ આ અંગે સર્વસંમતિ સાધી શકાઈ નથી. અજિત પવાર જ નહીં, બીજેપીના ઘણા નેતાઓએ પણ કહ્યું હતું કે તેઓ આ સૂત્રને ફગાવી દેશે અને એમ જ થયું.

મહાવિકાસ આઘાડીને ચોક્કસપણે આટલો શ્રેય આપી શકાય છે કે તેણે મહારાષ્ટ્રની ઓળખને મુખ્ય મુદ્દો બનાવવાના પ્રયાસોમાં ઘણી હદ સુધી એકરૂપતા દર્શાવી છે, પરંતુ આમાં તેને કેટલી સફળતા મળી છે તે તો પરિણામો પરથી જ ખબર પડશે. સૌથી મોટી વાત એ છે કે પરિણામો આ ચૂંટણી જંગનો અંત લાવશે એવું ચોક્કસ કહી શકાય નહીં. ઘણા નિષ્ણાતોના મતે પરિણામો જાહેર થયા બાદ રાજકીય ગતિવિધિનો બીજો રાઉન્ડ જોવા મળી શકે છે. એક નવી અરાજકતાનો અધ્યાય શરૂ થશે. મહારાષ્ટ્રના મતદારો પાસે પુષ્કળ વિકલ્પો હતા.

તેઓએ ચૂંટણી લડી રહેલા રાજકીય પક્ષોની વિશાળ શ્રેણીમાંથી પસંદગી કરી છે. સત્તા માટે દોડી રહેલા બે મોટા ગઠબંધન - મહાયુતિ અને મહા વિકાસ આઘાડી - માં ઓછામાં ઓછા ત્રણ મોટા પક્ષોનો સમાવેશ થાય છે. પરંતુ ચૂંટણીના વિકલ્પોની આ વિપુલતા લોકશાહીની તાકાતનો પુરાવો નથી. આ એક ગંભીર નબળાઈ તરફનો નિર્દેશ છે : વિચારધારાની નાદારી જે રાજકારણીઓને માર્ગ બદલવા માટે દબાણ કરે છે, જે રાજકીય પક્ષોના વિઘટન તરફ દોરી જાય છે. અગાઉની શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, જે વિભાજિત એકમો તરીકે મેદાનમાં છે, તેઓ આ રોગનો ભોગ બન્યા છે.

ડિવિઝનના નિષ્ણાત પોલિટિકલ એન્જિનિયર તરીકે ભારતીય જનતા પાર્ટી આ નૂતન સંયોગોનો ફાયદો ઉઠાવવા ચાહે છે. તે જોવાનું રસપ્રદ રહેશે કે શું રાજકારણીઓ દ્વારા મતદારોના આદેશના આ અનાદરથી પેદા થયેલી જાહેર નિરાશા, જે પક્ષપલટાનું અનિવાર્ય પાસું છે, મહારાષ્ટ્રમાં ચૂંટણીની હરીફાઈ પર તેની છાપ છોડે છે કે કેમ. અલબત્ત, અનૈતિકતાની વધતી જતી સંસ્કૃતિને વખોડીને રાજકીય ચક્રો ફરતા રહે છે. એવું લાગી રહ્યું છે કે આ ચૂંટણીની હરીફાઈનું પરિણામ અનેક મુદ્દાઓ પરથી નક્કી થઈ શકે છે.

આમાં સૌથી મહત્વપૂર્ણ મહારાષ્ટ્રમાં સતત કૃષિ સંકટ છે. આ ગંભીર સમસ્યા પ્રત્યે વહીવટી ઉદાસીનતા એવી છે કે ઈ.સ. ૨૦૨૩માં ૨,૮૫૧ ખેડૂતો પાક નિષ્ફળ જવાથી, વધતા દેવા અને ઓછા વળતરને કારણે આત્મહત્યા કરી હતી. ઈ. સ. ૨૦૨૨ માટે આ આંકડો ૨,૯૪૨ છે. મરાઠવાડા અને વિદર્ભમાં (જે કુલ ૨૮૮ માંથી ૧૦૮ બેઠકોનું યોગદાન આપે છે) તે બંને સ્પર્ધાત્મક જોડાણોનું ભાવિ નક્કી કરી શકે છે. હંમેશની જેમ જ્ઞાતિએ પણ પોતાનો લાંબો વિષાદી પડછાયો પાડ્યો જ છે. અનામત આંદોલનના મુદ્દાથી પ્રભાવિત મરાઠા મત એક પરિબળ બની શકે છે.

## બાબરાના ગળકોટડી ગામ પાસે ઇંટોના ભઠ્ઠા નજીક

# વેવાઈને ત્યાં જતા પ્રૌઢને રસ્તામાં ગઠીયા ભટકાયા

### કરકોલીયાના પ્રૌઢને વિશ્વાસમાં લઈ વિધિના બહાને સોનાની વીંટી પડાવી રૂા.૫૮ હજારની સોનાની વીંટી કઢાવી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,બાબરા તાલુકાના ગળકોટડી ગામ પાસે ઈંટોના ભઠા નજીક લાઠી તાલુકાના કરકોલીયા ગામના મામૈયાભાઈ વાઘાભાઈવરૂ ઉ.વ.૪૮ પોતાનું બાઈક લઈને કરકોલીયા ગામથી ખાખરીયા ગામે તેમના વેવાઈને ત્યાં જતા હતા.ત્યારે ગળકોટડી ગામ પાસે પહોંચતા એક ફોરવ્હીલ ગાડીએ હોર્ન મારીને ઉભા રખાવેલ.અને તેમાં રહેલ ડ્રાઈવર અને એક સાધુ આ બંનેએ રસ્તામાં કયાંય શિવ મંદિર છે .તે બાબતે વાતચીત કરી ગીરનારી સાધુ હોવાનું જણાવી થાન તાલુકાના સારસાણા ગામના નેનુનાથ ઉર્ફે, મુન્ના જવેરનાથ સોલંકી તથા વાંકાનેર તાલુકાના મોટા ભોજપરા વાદી વસાહતના સુરજનાથ જવેરનાથ સોલંકીએ કહેલ કે તમારૂ દુઃખ દર્દ આર્થિક મુશ્કેલી દુર થઈ જશે.તેઓ વિશ્વાસ આપી આ સાધુને મામૈયાભાઈએ રૂા.૧૦ની નોટ આપતા આ સાધુએ રૂદ્રાક્ષનો પારો ૧૦ની નોટમાં વીંટાળી પરત આપી.ત્યારબાદ આ સાધુએ મામૈયાભાઈનો મોબાઈલ ફોન માંગતા તેના પર રૂદ્રાક્ષના પારા જેવી વસ્તુ ફેરવી મોબાઈલ ફોન પરત આપી તેમને વિશ્વાસમાં લઈ મામૈયાભાઈએ જમણા હાથની આંગળીમાં પહેરેલ સોનાની વીંટી આશરે ૭ ગ્રામ રૂા. ૫૮,૦૦૦ ની વિધિ કરવાના બહાને લઈ જઈ નાસી ગયાની બાબરાપોલિસમથકમાંફરિયાદનોંધાવીછે.

## રસ્તામાં ચાલવા અંગેનું મનદુઃખ રાખી

# અમરેલીમાં પ્રૌઢા અને તેના પરીવારજનો ઉપર હુમલો

### મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

અમરેલી ટાવર પાસે દાણા બજાર કાણકીયાના ડેલામાં નસીમબેન મહેબુબભાઈ મલેક ઉ.વ.૪૦ તથા તેના ઘરના સભ્યોને મુમતાજબેન દિલાવરભાઈ મલેક, નગ્માબેન અકીલભાઈ મલેક, અકીલ દિલાવરભાઈ મલેકરહે. અમરેલી ફીરોજ જમીયતભાઈ પઠાણ, રહે. જેતપુરવાળાએ ચાલવાના રસ્તા પ્રશ્ને બોલાચાલી થયેલ.જે મનદુઃખ રાખી નસીમબેન અને તેના કુટુંબીઓને ગાળો બોલી મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# માંગવાપાળથી અમરેલીના રોડ ઉપર બાઈક સાથે બાઈક અથડાવતા ઈજા

### બાઈક સાથે ભટકાવી પગમાં ફેક્ચર કરી હાથે પગે ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)અમરેલી તાલુકાના માંગવાપાળથી અમરેલી રોડ ઉપર પાણીના ટાંકાની ફેકટરી પાસે કોલડા ગામના લાખાભાઈ ગેલાભાઈ વાઘેલા ઉ.વ.૫ર પોતાનું બાઈક જી.જે. ૧૪ એ.એસ. ૦૫૫૧ ચલાવી પોતાના ઘરે કોલડા ગામથી અમરેલી આવતા હતા.ત્યારે માંગવાપાળથી અમરેલી વચ્ચે રોડ ઉપર આવેલ પાણીના ટાંકાની ફેકટરી પાસે પહોંચતા મતિરાળા ગામના ભરત મનસુખભાઈ વામજા પોતાનું બાઈક જી.જે.૦૩એ.પી.૮૮૭૯ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેની આગળ જતી ફોરવ્હીલને ઓવરટેક કરી રોન્ગ સાઈડમાં આવી લાખાભાઈ વાઘેલાના બાઈક સાથે ભટકાવી તેમને જમણા પગના પોચામાં ફેકચર કરી જમણા હાથે પગે છોલાણ કરી ઈજા કરી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગાયને શું કામ પથ્થર માર્યો તેમ કહેતા

# ખાંભાના જામકા ગામે યુવાન ઉપર હુમલો

### ચાર શખ્સોએ પાઈપ વડે મારમારી ધમકી આપી

અમરેલી,ખાંભા તાલુકાના જામકા ગામે ટપુ ઉકાભાઈ મકવાણાનું ખેતર રોડને અડીને આવેલ હોય.અને ત્યાંથી હમીરભાઈ ભુપતભાઈ બારૈયા ઉ.વ.૨૫ તેના માલઢોર રોજ ત્યાંથી ચલાવતા હોય.હમીરભાઈની ગાયે ટપુ ઉકાભાઈ મકવાણાના ખેતરે શેઢામાંથી ઘાસ ખાધેલ હોય. જેથી ગાયને પથ્થર શું કામ માર્યો તેમ કહેતા ટપુ ઉકાભાઈ,કાળા ખાટાભાઈ મકવાણાએ ગાળો બોલી બોલાચાલી કરી ટપુએ પાઈપ વડે કપાળના ભાગે મારમારી ઈજા કરતા હમીરભાઈના પિતા આવી વચ્ચે પડતા હમીરભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ.અને પિતા પુત્ર તેના ઘરે જતા હતા તે વખતે ખાટા ઉકાભાઈ,આતુ ઉકાભાઈ મકવાણાએ આવીને હમીરભાઈને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં મુન્નાભાઈ એમબીબીએસ ઝડપાયો

### સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવાની ડિગ્રી વગર કલીનીક ચલાવતા ફરિયાદ

અમરેલી,જાફરાબાદ સામાકાંઠા વિસ્તારમાં મુખત્યાર હુસૈન ગુલામ હુસૈન શેખ ઉ.વ.૬૪ પોતાની પાસે કોઈપણ સરકારમાન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી પૈસા વસુલ કરી ડોકટરની રજી. મેડીકલ પ્રેકટીસનરને લગતી ડિગ્રી ન હોવા છતા એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી વસ્તુ નંગ ૨૫૮ જેટલી કુલ રૂા.૧૫,૧૦૭ નો મુદામાલ તથા દર્દી પાસે સારવારનું વસુલ કરેલ રોકડ રૂ/.અંગ જડતીમાંથી મળી આવેલ હોય. જે રૂા.૫૫૮૦ મળી કુલ રૂા.૨૦,૬૮૭ નો મુદામાલ રાખી મેડીકલ પ્રેકટીસ કરી પોતાના આ કૃત્યથી માનવજીંદગી જોખમાઈ તેમ હોય. તેવું પોતે જાણતા હોવા છતા દર્દીઓને નિદાન અને સારવાર આપી માનવજીંદગી સાથે ચેડા કરી ગુનો કર્યાની જાફરાબાદ મરીન પોલિસ મથકમાં તાલુકા હેલ્થ ઓફીસર ડો.મયુરભાઈ ભાણજીભાઈ ટાંકે ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીના તરકતળાવમાં સગીરાનું વાલીપણામાંથી અપહરણ : ફરિયાદ

### કોઈ અજાણ્યો શખ્સ લગ્નની લાલચ આપી અપહરણ કરી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી તાલુકાના તરકતળાવ ગામે સગીરાને કોઈ અજાણ્યો શખ્સ લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી બદઈરાદે વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભગાડી ગયાની સગીરાના માતાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# બાબરાના ખાખરીયા ગામની સીમમાં પવનચકકીના પોલને નુકશાન કર્યુ

### ત્રણ શખ્સોએ પોલને દોઢ લાખ ઉપરાંતનું નુકશાન કરી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

બાબરાના ખાખરીયાની સીમમાં પવનચકકીના પોલીને નુકશાન કરીધમકીઆપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર બાબરા તાલુકાના ખાખરીયા સીમ વિસ્તારમાં દિનેશ નરશીભાઈ કાચેલાની ખેતીની જમીન અયાના કંપનીએ ખરીદ કરેલ હોય.તેની બાજુમાં મંજુરી સાથે સરકારી ખરાબામાં આ પવનચકકીના પોલ ઉભા કરેલ હોય.જ્યાં જાદવ ભવાનભાઈ સુસરા,હરેશ ભીખાભાઈ ડાંગર,દિનેશ નરશીભાઈ કાચેલાએ આવીને લોખંડના ઉભા કરેલ પોલ વાળી દઈ રૂા.૧,૮૦,૦૦૦ નું નુકશાન કરી સમરથ કંપનીના સુપરવાઈઝર વિનુભાઈ રૂપાભાઈ ઝાપડીયા રહે.સુખપુરવાળાને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની બાબરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં અપમૃત્યુંના બે બનાવો

### ગોરડકામાં યુવાનનું તાવના કારણે, ખંભાળામાં પ્રૌઢનું ઝેરી દવા પી જતા મોત

અમરેલી,અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન અપમૃત્યુંના બનાવોમાં ચિંતાજનક રીતે વધારો થઈ રહયો છે.ત્યારે જીલ્લામાં વધુ બે અપમૃત્યુંના બનાવો પોલિસમાં જાહેર થયા હતા.જેમાં ગોરડકામાંયુવાનનું તાવના કારણે, ખંભાળામાંપ્રૌઢનુંઝેરીદવાપીજતામોત નિપજયા હતા.જેમાં સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામે ચેતનભાઈ વશરામભાઈ કવાડ ઉ.વ.૩ર ને છેલ્લા બે દિવસથી તાવ આવતો હોય.અને ગામમાં સારવાર કરાવતા હોય.અને વધુ તાવ આવી જતા વિજપડી દવાખાને પ્રાથમિક સારવાર કરાવી વધુ સારવાર માટે ભાવનગર જીલ્લાના મોટા ખુંટવડા સરકારી દવાખાને લઈ જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું વલ્લભભાઈ પીઠાભાઈ કવાડે સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં બાબરા તાલુકાના ખંભાળા ગામે શૈલેષભાઈ ભનુભાઈ મકવાણા ઉ.વ.૪૨ને તેમના પત્નિ સાથે છેલ્લા બે વર્ષથી ઘરકંકાશ હોય.અને પત્નિ હંસાબેન શૈલેષભાઈને છોડી તેમના બાળકો સાથે રાજકોટ અલગ રહેતી હોય.અને તેને સમજાવવા છતા પરત આવતા ન હોય.જેથી કંટાળી જઈ પોતે પોતાની મેળે ઝેરી દવા પી જતા મોત નિપજયાનું બાબરા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

# રાજુલા નજીક વડલી ગામને રેલ્વે કનેક્ટીવીટી ધરાવતો આરસીસી ટુ લેન રોડ મંજુર કરવા શ્રી ધાખડાની માંગણી

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને માર્કેટિંગ યાર્ડના પૂર્વ ઉપપ્રમુખ ધાખડાની રજૂઆત



રાજુલા, (જયદેવ વરૂ) રાજુલા તાલુકાના વડલી ગામના અમે ભાજપના આગેવાન અને યાર્ડના પૂર્વ ઉપપ્રમુખ મનુભાઈ ધાખડા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવી જણાવ્યું કે રેલવે કનેકટીવી ટી ધરાવતો રોડ અમારા વડલી ગામમાંથી પસાર થાય છે સદર રોડ ઉપર આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના વાહનો પણ અવર-જવર કરે છે તેમજ બરફટાણા રેલવે સ્ટેશન જતા લોકો પણ અહીંથી જ પસાર થાય છે રેલવેમાં બેસવા માટે જતા મુસાફરો પણ અહીંથી જ પસાર થાય છે પૂરતો ટ્રાફિક આ રોડ ઉપર રહેવા છતાં આજદી સુધી આ રોડ રીપેરીંગ પોળો કે આરસીસી કરવામાં આવતો નથી તો રેલવે કનેક્ટિવિટી ધરાવતો સદર રોડ અમારા વડલી ગામમાં પ્રોપર માંથી અને વડલી ગામ વચ્ચેથી પસાર થાય છે તેમાં અમોને પણ કોઈ પ્રકારનો વાંધો નથી જેથી વડલી ગામની કનેક્ટિવિટી કરી સદર રોડ આરસીસી ટુ લેન તાત્કાલિક ધોરણે મંજુર કરવા અમારી આપ સાહેબને નમ્ર નિવેદન છે તેમ જ આ રોડ આરસીસી માં લેવામાં આવે તો અહીંથી પસાર થતાં વાહનો ખેડૂતો રાહદારીઓ સહિતને ફાયદો થાય અને અકસ્માત પણ ન થાય તો મંજૂર કરવા માટે શ્રી મનુભાઈ ધાખડાએ આ વિસ્તારના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ વગેરેને રજૂઆત કરી તાત્કાલિક આ રોડ મંજુર કરવા માંગણી કરી છે

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૨૩.૧૧.૨૦૨૪, શનિવાર ,સંવંત ૨૦૮૧, કારતક વદ આઠમ, કાલભૈરવ જયંતિ, મઘા નક્ષત્ર, ઐંદ્ર યોગ, તૈતિલ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ સિંહ (મ,ટ) રહેશે.

### ૨૬ નવેમ્બરના બુધ મહારાજ વક્રી થઇ રહ્યા છે

શનિવાર ને કાલભૈરવ જયંતિ છે. શનિવારે કાલભૈરવ જયંતિ વિશેષ સંયોગ બનાવે છે અને ક્રૂર ગ્રહોની અસર નાબૂદ કરવા માટે આજે ભૈરવ સાધના કરવી જોઈએ. ૨૬ નવેમ્બરના બુધ મહારાજ વક્રી થઈ રહ્યા છે જે મોટા ઉદ્યોગપતિઓને તકલીફ આપનાર બને છે અને ક્રિપ્ટો અને મુદ્રાસ્થિતિમાં અચાનક ફેરફાર લાવનાર તથા શેરબજારમાં પણ અચાનક ઉતાર ચડાવ આપનાર બને છે. બુધ મહારાજ ના વક્રી થવાથી અચાનક આર્થિક સ્થિતિમાં ફેરફાર થતા જોવા મળે છે અને અનેક પાર્ટી આ સમયમાં આર્થિક બાબતો સામે ઝૂઝતી જોવા મળે વળી કેટલાક ઉદ્યોગમાં અચાનક મંદીની અસર આપે છે તો લક્સરીએસ વસ્તુ અને કારના વેચાણમાં પણ અડચણો આવતી જોવા મળે



તથા ગેઝેટ્સના વેચાણ પર પણ અસર જોવા મળે! આ સમયમાં બંગાળ અને બાંગ્લાદેશમાં અચાનક કેટલીક ઘટનાઓ સામે આવતી જોવા મળે વળી પૂર્વ તરફ હાલ તકલીફ પણ ચાલી રહી છે તો વિશ્વમાં આતંકી ગતિવિધી તેજ થતી જોવા મળે અને કેટલીક બાબતોમાં વૈજ્ઞાનિક અને સંશોધન કરતી સંસ્થાઓ સામે પણ લોકો વિચાર કરતા જોવા મળે અને કેટલાક પ્રયોગો અને આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ બાબતે પણ મતમતાંતર જોવા મળશે. બુધ એ વિચાર છે બુધ આર્ટીફીસીયલ ઈન્ટેલિજન્સ દર્શાવે છે જેના વક્રી થવાથી તેના દુરુપયોગની બાબતો વધતી જોવા મળે જે ચિંતા નો વિષય બને અને બહુ જલ્દી તેના નવા નવા વર્ઝન પણ સામે આવતા જોવા મળશે.

મેષ (અ,લ,ઈ) : આંતરિક સૂઝમાં વૃદ્ધિ થાય ,સંતાન અંગે સારું રહે,પરિવાર માં આનંદ રહે ,શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : જમીન મકાન વાહન સુખ સારું રહે, તમામ સુખ સગવડ પ્રાપ્ત થાય ,દિવસ પ્રગતિકારક રહે.
મિથુન (ક,છ,ઘ) : તમારી પ્રતિભા દર્શાવી શકો, નવા કાર્યનું આયોજન કરી શકો,શુભ દિન,લાભ થાય.
કર્ક (ડ,હ) : બેન્કના કાર્ય નિપટાવી શકો, આર્થિક આયોજન કરી શકો,મનોમંથન કરી શકો.
સિંહ (મ,ટ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, આંતરિક શક્તિ ખીલે,લોકો દ્વારા તમારી પ્રસંશા થાય.
કન્યા (પ ,ઠ ,ણ) : લોન વિગેરે બાબતમાં સાંભળવું , ખર્ચ પર અંકુશ રાખવો,બિનજરૂરી વ્યય નિવારવા સલાહ છે.
તુલા (ર,ત) : જીવનમાં નવા નિયમ લાવી શકો, તમારી દિનચર્યા સુધારી શકો, દિવસ દરમિયાન પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : વ્યક્તિની પરખ કરી શકો, કામકાજ માટે નવા સંશાધનો કામે લગાવી શકો, શુભ દીવસ.
ધન (ધ,ભ,ફ,ઢ ): આધ્યાત્મિક ચિંતન થાય, ધ્યાન યોગ મૌન થી લાભ થાય, પરિવાર સાથે આનંદ માણી શકો .
મકર (ખ,જ) : કોર્ટ કચેરી કે વીલ વરસના પ્રશ્નો ઉકેલી શકો,વિવાદ નિવારી શકો,મધ્યમ દિવસ રહે .
કુંભ (ગ ,સ,શ) :આંતરિક જીવનમાં સારું રહે,સબંધો માં સુલેહ થી ચાલી શકો. વધુ ઉગ્રતાથી કામ ના લેવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): આપણા ગણીને ચાલતા હોઈએ તે બધા આપણા નથી હોતા! , હિત શત્રુથી કાળજી લેવી, વિશ્વાસે ના ચાલવું ,મધ્યમ દિવસ.

# લાઠી નજીક ધામેલ ગામે જુગાર રમતા ત્રણ શખ્સો ઝડપાઇ ગયા

### જુગારના પટમાંથી પોલિસે રૂા. ૨૫૫૦ કબ્જે કર્યા

અમરેલી,(ક્રાઈમરીપોર્ટર)

લાઠી તાલુકાના ધામેલ ગામે નદીકાંઠે બાવળની કાંટ નીચે જાહેરમાં જુગાર રમતા દિનેશ અશોકભાઈ વાઘેલા,બાવકુ બાદલભાઈ વાઘેલા,ભરત કાળુભાઈ વાઘેલાને પો.કોન્સ. પ્રકાશભાઈ ધાંધલાએ રોકડ રૂા.૨૫૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## મહીસાગરના જાતિવાદી કલેક્ટર સામે

# અમરેલીમાં દલિત સમાજ દ્વારા આવેદન પાઠવાયું



અમરેલી,

મહિસાગર જીલ્લા કલેકટર નેહાકુમારી તા. ૨૩ ઓકટોમ્બરના રોજ તાલુકા સ્વાગત કાર્યક્રમના મંચ ઉપરથી જાહેરમાં અન્યોની ઉપસ્થિતિમાં દલિત યુવાન,દલિત -આદિવાસી સમાજ અને વકીલ આલમ વિશે નિમ્ન કક્ષાની ટીપ્પણી કરતા રાજયમાં બાબુશાહીના વધતા પ્રભાવની સાક્ષી પુરવાની સાથે ચિંતા ઉપજાવનાર છે.વધુમાં કલેકટર નેહાકુમારીએ વકીલો બાબત કહેલ કે પઢાઈ લીખાઈ કુછ હે નહી,વકીલી મેં ચપ્પલ સે મારખાને કે કામ કરતે હે,તેમજ દલિતો અને આદીવાસીઓ સિવાયના સમાજમાં અંત્યત ગેરસમજ અને તીરસ્કાર ફેલાવવાના બદઆશયથી એવું કહેલ કે ૯૦ ટકા એટ્રોસીટીના કેસો દલિતો અને આદિવાસીઓ દ્વારા બ્લેક મેઈલ માટે કરવામાં આવે છે.આવા વિધાનોના કારણે મહિસાગર જીલ્લાના જાતિવાદી કલેકટર નેહાકુમારી સામે ગુનો દાખલ કરી તાત્કાલિક ધડપકડ કરી તેમને સસ્પેન્ડ કરી ખાતાકીય પગલા સુનિશ્ચિત કરવા માટે અમરેલી દલિત સમાજના અગ્રણી ભરતકુમાર કાતરીયા ,ભાવેશભાઈ બગડા,મનસુખભાઈ સોલંકી,સહિતની ઉપસ્થિતિમાં અમરેલીના મામલતદાર જી.જી.બાવીશાને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી હતી.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૫૦ થી ૧૫૧૪ મગફળી ૮૪૦ થી ૧૧૮૨

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૮૧૦-૧૧૩૬
શિંગમોટી-૮૪૦-૧૧૮૨
શીંગફાડા-૧૦૧૨-૧૨૯૯
તલસફેદ-૧૫૭૫-3000
તલકાળા-૨૫૦૦-૪૩૧૫
જુવાર-૫૦૦-૭૭૦
ઘઉંટુકડા-૫૫૯-૬૮૧
ઘઉંલોકવન-૫૭૭-૬૯૩
ચણા-૯૬૫-૧૩૨૫
કપાસ-૯૫૦-૧૫૧૪
ધાણા-૯૦૦-૧૫૧૫
સોયાબીન-૬૨૮-૮૩૨
અડદ-૧૦૭૨-૧૫૩૦
બાજરો-
રજકાનુંબી-૨૭૧૦-૫૫૯૦
જીરૂ-૨૦૦૦-૪૫૭૫

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૪૦-૫૮૦
રીંગણા-૩૦૦-૪૦૦
કોબીઝ-૩૦૦-૪૦૦
ટમેટાં-૭૦૦-૮૦૦
સુરણ-૧૦૦૦-૧૨૦૦
ફોદીનો-૮૦૦-૧૦૦૦
ગાજર-૮૦૦-૧૨૦૦
ગલકા-૫૦૦-૬૦૦
કાકડી-૬૦૦-૮૦૦
ગુવાર-૬૦૦-૧૦૦૦
દુધી-૧૦૦-૨૦૦
તુરીયા-૬૦૦-૧૦૦૦
ભીડો-૪૦૦-૫૦૦
આદુ-૮૦૦-૯૦૦
કોથમીર-૫૦૦-૬૦૦
મેથીભાજી-૯૦૦-૧૦૦૦
ટીંડોરા-૪૦૦-૫૦૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૪૦૦-૧૦૦૦
મુળા-૨૦૦-૪૦૦
લીંબુ-૮૦૦-૧૦૦૦
પાલક-૪૦૦-૬૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૫૫૦-૭૦૧
સોયાબીન-૭૦૬-૮૩૦
ઘઉં-૬૧૧-૬૭૦
જુવાર-૬૦૦-૮૫૧
કપાસ-૧૩૨૬-૧૪૮૦
તલસફેદ-૨૦૦૦-૨૪૮૯
અડદ-૨૦૦૦
મગ-૨૮૦૦-૨૮૮૧
શીંગ-૯૨૫-૧૧૪૪
ચણા-૧૦૦૦-૧૬૫૦

**મહુવાયાર્ડ**
ઘઉં-૫૮૫-૭૨૫
ડુંગળીલાલ-૨૦૦-૫૭૦
તલસફેદ-૧૯૫૫-૨૪૮૬
અડદ-૯૫૦-૧૮૦૩
સોયાબીન-૫૦૪-૮૮૧
શીંગ ૬૬-૯૯૧-૧૪૦૬
ડુંગળીસફેદ-૨૨૦-૧૨૧૫
જીરૂ-૪૬૪૬-૪૬૪૬
બાજરી-૫૪૧-૬૧૪
જુવાર-૪૦૦-૬૬૬
નાળીયેર-૩૯૧-૨૪૭૦

**બાબરા યાર્ડ**
કપાસ-૧૪૫૦-૧૫૩૨
ઘઉં-૫૧૨-૫૭૮
મગફળી-૯૮૨-૧૦૮૮
જીરૂ-૩૯૭૫-૪૬૬૫
અડદ-૧૧૯૦-૧૪૯૦
તલકાળા-3030-૪૦૦૦
સોયાબીન-૭૭૫-૮૦૫
કપાસકોડી-૧૨૨૦-૧૩૮૦

**ધારી માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૬-૧૪૩૧
ચણા-૧૧૮૦-૧૨૫૦
મગફળી-૮૪૫-૧૧૨૦
તુવેર-૧૯૦૧-૧૯૦૧
મેથી-૧૧૦૦-૧૧૦૦
સોયાબીન-૬૪૪-૮૦૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગજીણી-૯૦૦-૧૦૮૧
શીંગમોટી-૧૦૦૦-૧૧૫૧
અડદ-૧૨૯૯-૧૬૧૫
તલસફેદ-૨૨૦૦-૨૫૮૧
કપાસ-૧૩૯૦-૧૫૦૩
ઘઉંલોકવન-૫૨૮-૬૫૦
જીરૂ-૪૨૦૦-૪૬૬૫
ઘઉંટુકડા-૫૮૦-૬૩૯
ચણા-૧૦૧૧-૧૬૦૫
સોયાબીન-૭૫૦-૮૨૨
બાજરો-૫૪૫-૬૧૬

**ખાંભા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૬૧-૧૪૬૫
મગફળી-૧૦૦૭-૧૧૫૨

**લીલીયા માર્કેટ યાર્ડ**
કપાસ-૧૨૪૬-૧૪૮૦

**બગસરા માર્કેટયાર્ડ**
કપાસ-૧૨૦૦-૧૫૩૫
અડદ-
મગફળી-૭૫૫-૯૧૫
મગ--
સોયાબીન-૫૫૦-૭૯૫
ઘઉં-૫૮૦-૬૧૭
લસણ--

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૮૦૦-૧૬૦૦
દાડમ-૧૬૦૦-૨૮૦૦
મુસંબી-૬૦૦-૧૨૦૦
સંતરા-૪૦૦-૭૦૦
કીવી-૪૫૦૦-૬૦૦૦
ડ્રેગન ફ્રુટ-૧૬૦૦-૨૮૦૦
અનાનસ-૧૨૦૦-૧૬૦૦
જામફળ-૨૦૦-૮૦૦
કેળા-૪૦૦-૫૫૦
પોપૈયા-૫૦૦-૯૦૦
સીતાફળ-૫૦૦-૧૦૦૦
સફરજન કાશ્મીર-૧૫૦૦-૨૦૦૦

### અમરેલી આજનું તાપમાન

મહ ત્તમ તાપમાન-૩૧.૪
ન્યુનતમ તાપમાન -૧૩.૪
ભેજનું પ્રમાણ -૬૮
પવનની ગતિ સરેરાશ -૪.૮

### તાલુકા પંચાયત પ્રમુખશ્રી કાછડીયાના અધ્યક્ષ સ્થાને

# સાવરકુંડલા તાલુકા પંચાયતની ખાસ સામાન્ય સભાની બેઠક મળી

### ગામડાના વિકાસ માટે રૂપિયા ૬૨ લાખના કામોની મંજૂરી અપાતાં વિકાસ કામોને વેગ મળશે : સભાસદોની ઉપસ્થિતિ



સાવરકુંડલા,સાવરકુંડલાતાલુકાપંચાયત કચેરી ખાતે પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયાના અધ્યક્ષ સ્થાને મળેલ ખાસ સામાન્ય સભા અંતર્ગત સાવરકુંડલા ના ગામડાઓના વિકાસ માટે જુદા જુદા ઠરાવો કરવામાં આવેલ જેમાં તાલુકા પંચાયતના સ્વભંડોળમાં જમા થયેલ તાલુકા કક્ષાની સ્ટેમ્પ ડ્યુટી ગ્રાન્ટ માંથી કામોનું આયોજન કરવામાં આવેલ જેમાં કુલ ૬૨ કામોનું સર્વાનુંમતે વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. આ સામાન્ય સભા ની બેઠકમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખશ્રી પરસોત્તમભાઈ ઉંમટ, કારોબારી ચેરમેન શ્રીમતી હંસાબેન ઘુસાભાઈ વાણીયા, તાલુકા પંચાયતના સદસ્યશ્રીઓ તેમજ તાલુકા વિકાસ અધિકારી શ્રી તથા દરેક વિભાગના કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા આ બેઠકમાં કુલ ૨૨ સભ્યોમાંથી ૨૦ સભ્યો હાજર રહી વિકાસના કામોનું ઠરાવ પસાર કરી મંજૂરી આપેલ હતી, આ સમગ્ર સામાન્ય સભાનું સંચાલન વિસ્તરણ અધિકારીશ્રી કાકડીયાભાઈ દ્વારા કરવામાં આવેલ હતું અને અંતે આ સભાના અધ્યક્ષ શ્રી જીતુભાઈ કાછડીયા દ્વારા આભાર વિધિ કરી સભા પૂર્ણ કરવામાં આવેલ હતું.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# બોટાદ જીલ્લો રાજ્ય કક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં વિજેતા

### સ્પર્ધામાં ઢસાની શાળાએ ગૌરવ વધાર્યું



અમરેલી, તારીખ ૧૯ થી ૨૧ નવેમ્બર ૨૦૨૪ દરમ્યાન અન્ડર-૧૯ ભાઈઓની રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનું મહેસાણા જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી અને રમત ગમત અને યુવક સેવા સાંસ્કૃતિકની પ્રવૃત્તિ ગાંધીનગર દ્વારા મહેસાણા જીલ્લાના પાંચોટ સ્પોટ્ર્સ કોમ્પ્લેક્સ ખાતે કરવામાં આવ્યું હતું. રાજયકક્ષાની આ સ્પર્ધામાં શ્રી આર.જે.એચ. હાઈસ્કૂલ, ઢસા જંકશનના ધોરણ-૧૦ના વિદ્યાર્થી પ્રિન્સ વિધાણી પણ બોટાદ જીલ્લાની ટીમમાં સામેલ હતો. જેમાં બોટાદ જીલ્લાની ટીમ અન્ડર-૧૯ ભાઈઓની હેન્ડબોલ સ્પર્ધામાં ચેમ્પિયન બની હતી. શાળા અને બોટાદ જીલ્લાનું ગૌરવ વધારનાર ખેલાડીને તથા રમત-ગમત શિક્ષકોને જીલ્લાના અધિકારીશ્રી, પદાધિકારીશ્રી, શાળાના વહીવટદાર, શાળાના આચાર્ય ડો. જી.બી. હેરમા તથા શાળા પરિવાર, ગ્રામજનો અને રમતપ્રેમીઓએ અભિનંદન આપ્યા હતા.

### ધ સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા

# અંડર-૧૯ સોફ્ટબોલ સ્પર્ધા ડીસામાં યોજાઇ

### સાવરકુંડલા ગુરૂકુળની ટીમે રાજયમાં બીજુ સ્થાન મેળવ્યું




સાવરકુંડલા, (સૌરભ દોશી)

ગુજરાત સરકાર દ્વારા આયોજિત ૬૮ મી સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા અંડર-૧૯ સોફ્ટબોલ રમત માં ભાઈઓ ની સ્પર્ધા ડીસા (બનાસકાંઠા) મુકામે રાજ્ય કક્ષા નું આયોજન જિલ્લા રમત ગમત અધિકારી શ્રી બનાસકાંઠા દ્વારા થયેલ તારીખ ૧૬/૧૧/૨૦૨૪ રોજ અમરેલી જિલ્લાની ટીમ માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા સુ. સા હાઈસ્કૂલ વડીયા સંસ્થા ની સમગ્ર સ્કૂલ ની ટીમ ગુજરાત રાજ્ય માં બીજું સ્થાન મેળવ્યું છે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા નુ નામ રોશન કરેલ છે જેમાં ગુરુકુળ શાળા નાં રમત ગમત નાં કોચ તરીકે એમ.જી મોરીસાહેબ દીપકભાઈ વાળા તથા ઝાલા ભાઈ એ ખૂબજ તનતોડ મહેનત કરી વિજય મેળવ્યો છે તેમજ તેઓ વિદ્યાર્થી ઓ નાં સર્વાંગી વિકાસ માં ખૂબજ સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે. ગુરુકુળ શાળાની ટીમ વિજેતા થતાં જે માટે સંસ્થા ના વડા પૂજ્ય ભગવતપ્રસાદ દાસજી સ્વામી તથા ગુરુકુળ નાં પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી તથા કોઠારી સ્વામી શ્રી અક્ષર મુક્ત સ્વામી, શાળાના ટ્રસ્ટી શ્રીઓ તેમજ વિવિધ શાળા નાં પ્રિન્સિપાલશ્રી ઓ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા તેમજ આ તકે આપણાં સાવરકુંડલાના માનનીય ધારાસભ્ય શ્રી સાવરકુંડલા લીલીયા શ્રી મહેશભાઈ કસવાલા સાહેબ શ્રી નો ખૂબ ખૂબ આભાર વ્યકત કરીએ છીએ તેમજ અમરેલી જિલ્લા રમત ગમત ની કચેરી, અમરેલી વ્યાયામ સંઘ, અમરેલી સોફ્ટ બોલ ફેડરેશન ઓફ ગુજરાત નાં શ્રી વિષ્ણુ સર અને બ્રિજેશભાઈ તેમજ ફેડરેશનના હોદેદાર શ્રીઓનો પણ ખૂબ આભાર માન્યો હતો.

# પૂજ્ય ડોંગરેજી મહારાજના ત્યાગના તુલે કોઈ ના આવી શકે : પૂજ્યશ્રી મોરારીબાપુ

### પૂજ્ય મોરારીબાપુએ બ્રહ્મલિન ડોંગરેજી મહારાજની પુણ્યતિથિએ ભાવાંજલિ અર્પિત કરી




રાજુલા, (જયદેવ વરૂ)

તારીખ ૨૧/૧૧/૨૪ ગુરુવાર ના રોજ પૂજ્ય બ્રહ્મલીન શુકદેવજી અવતાર એવા ડોંગરેજી મહારાજ ની પુણ્યતિથિ અવસરે મહુવા સેવા સંસ્કાર આશ્રમ ના સત્સંગ હોલ ખાતે પૂજ્ય મોરારીબાપુ દ્વારા ભાવાંજલિ સ્મારણજલી અર્પણ કરવામા આવી હતી પૂજ્ય બ્રહ્મલીન કરુણાઅવતાર એવા શ્રી ડોંગરેજી મહારાજ ૧૯૯૦ કારતક વદ છઠ્ઠ ના દિવસે દેહ નો ત્યાગ કરી શ્રીજી ચરણ પામેલા ત્યાર થી લઈ પુરા દેશ મા આ દિવસે પૂજ્ય ડોંગરેજી મહારાજ ની પુણ્યતિથી આયોજન સાથે પૂજા અર્ચન સાથે ઉજવવામાં આવતી હોય છે ત્યારે મહુવા મા પણ દર વર્ષે પૂજ્ય ડોંગરેજી મહારાજ ના આશીર્વાદ સાથે શરૂ થયેલ મહુવા ના કુબેર નાથ મહાદેવ મંદિર મા આવેલ સેવા સંસ્કાર ના આશ્રમ ખાતે પૂજા અર્ચન સાથે વિશાળ ભક્તજનો ની હાજરી મા પૂજ્ય મહારાજશ્રી ની પુણ્યતિથિ મહોત્સવ મોરારીબાપુ ની નિશ્રા મા ઉજવાતો રહ્યો છે તેવી જ રીતે આજે પણ પુણ્યતિથી મહોત્સવ પૂજ્ય બાપુ ની ભાવાંજલિ સાથે ઉજવવામાં આવ્યો હતો જેમાં ભાવાંજલિ વ્યક્ત કરતા પૂર્વે પૂજ્ય બાપુ દર વર્ષ ની જેમ મહુવા ના અખંડ રામધૂન સંકીર્તન મંદિર ખાતે પધાર્યા હતા અને દર્શન કરી સમૂહ કીર્તન નો લાભ પૂજ્ય બાપુ સેવા સંસ્કાર આશ્રમ ખાતે પધારી પૂજ્ય ડોંગરેજી મહારાજ નું ભાવ પૂજન કર્યું હતું તો સંસ્થા વતી ટ્રસ્ટીશ્રી જયપ્રકાશભાઈ દોશી દ્વારા પૂજ્ય બાપુ નું સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું તો સાથો સાથ પૂજ્ય બાપુ એ સંસ્થા દ્વારા વર્ષો થી થતી મૂક સેવા અને મૂક સેવકો ને યાદ કરી વડીલ સેવક શ્રી રામકૃષ્ણભાઈ મહેતા નું સન્માન પૂજ્ય બાપુ એ શાલ અર્પણ કરી ને કર્યું હતું સાથે આશીર્વાદ પણ પાઠવ્યા હતા તો ભાવંજલિ વ્યક્ત કરતા પૂજ્ય બાપુ એ ડોંગરેજી મહારાજ સાથે ના સંસ્મરણો ને યાદ કરી પૂજ્ય ડોંગરેજી મહારાજ ના જીવન ભર ના ત્યાગ ની અને સિદ્ધાંત ની વાત પૂજ્ય ડોંગરેજી મહારાજ ના જીવન મા મુખ્યત્વે ત્યાગ, તપ, તેજ ખાસ જોવા મળેલા જેની કોઈ તુલના ના કરી શકે તેમ કહી આગળ પૂજ્ય બાપુ એ કહેલ તેમની દરેક કથા લોક કલ્યાણ અર્થે અને સમાજ ના કલ્યાણ અર્થે રહી હતી અન્નક્ષેત્ર અને સંસ્કૃત પાઠશાળા ના નિર્માણ મા ખુબ મહત્વનું યોગદાન નું રહ્યું છે તેમ વાત કરતા પૂજ્ય બાપુ એ કહેલ કે મારા પ્રત્યે ખુબ જ સ્નેહ અને પ્રેમ મહારાજશ્રી નો છેલ્લે સુધી રહ્યો હતો તે મારા માટે એક આશીર્વાદ સમાન છે, અને કીર્તન ના મહિમા અને કથા મા મહારાજ શ્રી દ્વારા થતા કીર્તન થી શ્રાવક ભાઈઓ બહેનો જે ભાવ બનતા તે પ્રિય કીર્તન ને યાદ કરી પૂજ્ય બાપુ એ આદરભાવ સાથે વંદન પ્રણામ સાથે પૂજ્ય મહારાજશ્રી કીર્તન નું સમૂહ ગાન કરી પૂજ્ય ડોંગરેજી મહારાજ ની પુણ્યતિથિ ના અવસરે પૂજ્ય બાપુ દ્વારા ભાવાંજલિ અર્પિત કરવામાં આવી હતી આ પ્રસંગે મહુવા ના ભક્તજનો સાથે મહાનુભાવો અને સમાજ શ્રેષ્ઠી એ ખાસ રહી ભાવંજલિ નો ધાર્મિક લાભ લીધો હતો તો સમગ્ર કાર્યક્રમ ના મંચ સંચાલન ની સેવા ડો.ઉમેશભાઈ જોષી એ આપી હતી.

# રાજકોટ સિવીલમાં અર્ધનગ્ન દર્દી મળ્યો

રાજકોટ,

રાજકોટની સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં સર્જરી વોર્ડમાં દાખલ દર્દી સવારે બેભાન હાલતમાં લોબીમાંથી મળ્યો હોવાનો વીડિયો સામે આવ્યો હતો. જેને લઈને તંત્રની બેદરકારી અંગે સવાલો ઊઠી રહ્યા છે. ચાની દુકાન પાસેથી મળી આવેલા આ યુવકને સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા બાદ ત્યાંથી ચાલ્યો ગયો હોવાની એન્ટ્રી રાત્રે રાજકોટની સિવિલ હોસ્પિટલની વધુ એક બેદરકારી સામે આવી છે. જેમાં સર્જરી વોર્ડમાં દાખલ દર્દી સવારે બેભાન હાલતમાં લોબીમાંથી મળ્યો હોવાનો વીડિયો સામે આવ્યો હતો. જેને લઈને તંત્રની બેદરકારી અંગે સવાલો ઊઠી રહ્યા છે. ચાની દુકાન પાસેથી મળી આવેલા આ યુવકને સર્જરી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા બાદ ત્યાંથી ચાલ્યો ગયો હોવાની એન્ટ્રી રાત્રે ૧૧.૩૦ વાગ્યે કરવામાં આવી હતી.

# સુરતમાં કાર્યાપાલક ઇજનેર સસ્પેન્ડ

સુરત,

હજીરાના ઉદ્યોગનો ટર્શરી ટ્રીટમેન્ટ પાણીના અંદાજ ડબલ થયા તે કિસ્સામાં કૌભાંડ બહાર આવ્યું હતું. સુરત પાલિકાને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડી હજીરાની કંપનીને ફાયદો કરાવવા માટે સુરત પાલિકાના કેટલાક અધિકારીઓની ભુંડી ભુમિકા બહાર આવી હતી. પાલિકાના ગંદા પાણીના કૌભાંડની ગંધ ગાંધીનગર પહોંચતા પગલાં ભરવાનું શરુ કરવામાં આવ્યું છે. હજીરાના ઉદ્યોગને ફાયદો કરાવવાના કિસ્સામાં પાલિકાના કાર્યપાલક ઈજનેરને મોડી રાતે સસ્પેન્ડ કરી દેવાતા પાલિકામાં સોપો પડી ગયો છે. કૌભાંડ બહાર આવ્યા બાદ ડી ગ્રેડ કર્યા અને ખાતા આંચકી લેવાયા હતા. ત્યારબાદ આજે મોડી સાંજે મહત્વનો અને ચોંકાવનારા પગલાં ભરવામાં આવ્યા છે. હજીરાના ઉદ્યોગનો ટર્શરી ટ્રીટમેન્ટ પાણીના અંદાજ ડબલ થયા તે કિસ્સામાં કૌભાંડ બહાર આવ્યું હતું. કતારગામ ધારાસભ્ય વિનોદ મોરડીયાએ સમગ્ર કિસ્સામાં વિજીલન્સ તપાસની માગણી કરી હતી. આ કિસ્સામાં રાજ્ય સરકારની વિજીલીન્સ દ્વારા તલસ્પર્શી તપાસ કરીને દાખલા રૂપ કાર્યવાહી કરવાની માંગણી કર્યા બાદ આજે મોડી રાત્રે કાર્યપાલક ઈજનેરને સસ્પેન્ડ કરી દેવાનો ઓર્ડર કર્યા છે. કેતન દેસાઈ કાર્યપાલક ઈજનેર હોવાથી આ દરખાસ્ત આજે વધારાના કામ તરીકે સ્થાયી સમિતિમાં રજુ થાય તેવી શક્યતા છે. સુરત પાલિકામાં કાર્યપાલક ઈજનેર બન્યા બાદ તેમનો વિકાસ ઘણો જ ઝડપી થયો હતો. તેઓને થોડા જ સમયમાં ઈનચાર્જ ડેપ્યુટી કમિશનરનો ચાર્જ સોંપી દેવાયો હતો.

### પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો

# વડિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ‘આરોગ્ય મેળો’ યોજાયો

### નિષ્ણાંત ડોકટરોની સેવાનો દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો



વડિયા, (ભીખુભાઈ વોરા)અમરેલી જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ના સામુહિક આરોગ્ય કેન્દ્રના કોવીડ સેન્ટર ખાતે આરોગ્ય મેળાનુ આયોજન કરવામાં ગુરુવાર ના રોજ સવારે નવ થી બાર વાગ્યાં સુધી આવ્યુ હતુ.જે અંતર્ગત આ આરોગ્ય મેળાનુ સવારે નવ વાગ્યે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ દ્વારા અન્ય આગેવાનો અને ડોકટરો ની ટીમની ઉપસ્થિતિ માં દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુક્યો હતો. આ કેમ્પ માં હ્રદયરોગ નિષ્ણાંત ડો.રાજન કાકયા, જનરલ સર્જન ડો.વિક્રમસિંહ ગોહિલ,માનસિક રોગ નિષ્ણાંત ડો.શાર્દુલ સોલંકી, કાન, નાક, ગળાના નિષ્ણાંત ડો.સંજય ટોટા, સ્કિન સ્પેશલ ડો.રાજ પટોળીયા,સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.ક્રિષ્ના દુગરાણીયા,બાળરોગ નિષ્ણાંત ડો.મીરલ સુદાણી,આંખના નિષ્ણાંત ડો.પૂજા પંડ્યા,દાંતના ડો.દેવલ પાઈજા,ડો.કિરણ રાઠોડ,ડો. જયદીપ ગજેરા સહિતના એ પોતાની સેવા આપી હતી જયારે સમગ્ર વડિયા વિસ્તાર માથી મોટી સંખ્યા માં દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. આ કાર્યક્રમ માં પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંઘાડ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલ રાંક, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર, સરપંચ મનીષ ઢોલરીયા,તુષાર ગણાત્રા સહીત સ્થાનિક લોકો, નિષ્ણાંત ડોકટરોની ટીમ ઉપસ્થિત રહી હતી જયારે સમગ્ર કેમ્પ ને સફળ બનાવવા માટે સ્થાનિક ડો. ડોડીયા, ડો. પીઠવા સહીત આરોગ્ય કેન્દ્ર ના સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

### જૂની તુલસી વિવાહ બાદ વિવાદ

# જુની હળીયાદના સરપંચપતિની ફોનમાં ગાળો ભાંડતી ઓડીયો કલીપ વાયરલ

### બે આગેવાનોને ફસાવા જતા સરપંચ પતિ જ ફસાયા

બગસરા, (સમીર વિરાણી)

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે થોડા દિવસો પહેલા થયેલ તુલસી વિવાહ બાદ તે દરમિયાન થયેલી વાતોની ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે જેમાં ગામના સરપંચપતિ આગેવાનોને ભાંડતા લોકોમાં કૌતુક સર્જાયુંછે. બગસરા તાલુકાના જુની હળિયાદ ગામે ગૌશાળા ખાતે તુલસી વિવાહ નું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં દલિત સમાજને આમંત્રણ આપવામાં આવેલ ન હતું જે બાબતે થયેલ વિવાદમાં આ ક્લિપ ચર્ચાનાં ચગડોળે ચડી છે.

# ચલાલામાં બે મોબાઈલ ચોરાયા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)ચલાલામાં ભાવસંગભાઈ અમરસંગભાઈ પરમારરહે. ચોરવડલા તા.શીહોર, નો રીયલમી કંપનીનો મોબાઈલ રૂ.૯૯૯૯ ની કિંમતનો ચલાલા દાનબાપુની જગ્યામાંથી ચોરાયાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.ચલાલા રીલાયન્સ પેટ્રોલપંપ પાસે આરીફભાઈ એહમદભાઈ દલ રહે. ચલાલાવાળાનો વીવો કંપનીનો રૂ.૧૦,૫૦૦ ની કિંમતનો મોબાઈલ કોઈ ચોરી ગયાની ચલાલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગીરસોમનાથ પંથકના વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# સોમનાથમાં ચિંતન શિબિરના બીજા દિવસે સનદી અધિકારીઓએ યોગ પ્રાણાયામ કર્યા



ગીર સોમનાથ,સોમનાથ ખાતે યોજાઈ રહેલ ૧૧ મી ચિંતન શિબિરના બીજા દિવસે રાજયના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓએ સોમનાથ મંદિરના દરિયા કિનારે યોગ પ્રાણાયામ કરી ચિંતન શિબિરનો પ્રારંભ કર્યો હતો. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા સોમનાથ મંદિર સમીપે દરિયા કિનારે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રાજ્યના વરિષ્ઠ સનદી અધિકારીશ્રીઓ જોડાયાં હતા અને યોગ પ્રાણાયામ કર્યા હતા.યોગ શિબિરમાં યોગ ઈન્સ્ટ્રક્ટર દ્વારા ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા નિર્ધારિત કરાયેલ યોગ પ્રોટોકોલ મુજબ યોગ-પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા જે અનુસાર ઉપસ્થિત સૌ અધિકારીશ્રીઓ સૂક્ષ્મ ક્રિયા, ધ્યાન, પ્રાણાયામ, યોગ આસન તથા સૂર્ય નમસ્કાર કરી યોગ શિબિરમાં સહભાગી થયાં હતાં.

## મહુવા પંથકનાં વિવિધ વર્તમાન

મહુવા બ્યુરો ચીફ નિતેશ ગૌસ્વામી

# મહુવામાં તળાજા શાળાના આચાર્ય શ્રી રાજયગુરૂએ વર્ગ-૧ની ખાતાકીય પરીક્ષા પાસ કરતાં સન્માન

### પત્રકારો અને વિવિધ આગેવાનોએ આવકારી ખુશી વ્યકત કરી



મહુવા,

મોડેલ સ્કુલ તળાજાના આચાર્ય શ્રી રાજયગુરૂએ કલાસ-૧ સર્વગની પરિક્ષા પાસ કરતાં આગેવાનો અને પત્રકારોએ ખુશી વ્યકત કરી સન્માનિત કર્યા હતાં. મોડેલ સ્કુલ તળાજા ના આચાર્ય શ્રી અને રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના વગે-૨ સંવગેના રાજ્ય કક્ષાના અધ્યક્ષશ્રી વિશાલભાઈ રાજયગુરૂ ને વગે-૧ માટે ની ખાતાકીય પરીક્ષા પાસ કરવા બદલ અવધ ટાઈમ્સ ના પત્રકાર શ્રીઃનિતેશ ગૌસ્વામી, જગદીશભાઈ સાંકળીયા તેમજ જગદંબા ગૃપના પ્રમુખ શ્રીઃમિનાબેન સાંકળીયા તથા ગૃપના બહેનો એ હર્ષભેર લાગણી વ્યક્ત કરી ને ખૂબ ખૂબ અભિનંદન પાઠવામા આવ્યા.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

### પુ.મહંતશ્રી રઘુવીરબાપુની સ્મૃતિમાં

# માણાવદરમાં શ્રી ત્રંબકેશ્વર મંદિરે શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ યોજાયો

### વ્યાસપીઠ પરથી વિજયાબેન ભટ્ટ દ્વારા કથાનું રસપાન કરાવાયું

જુનાગઢ,

શ્રી ત્રંબકેશ્વર મહાદેવ મંદિર અને સમર્થ લોક સંત પૂજ્ય રઘુવીરદાસબાપુ ગુરુ રામચરણદાસજી ના કૃપાપાત્ર પૂર્વ પુજારી અને જૂની પેઢીના કથાકાર શ્રી જય શંકરભાઈ ભટ્ટ ની સુપુત્રી બ્રહ્મ કન્યા વિજયાબેન ભટ્ટ ના વ્યાસ પીઠે શ્રીમદ ભાગવત કથાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. દરરોજ બપોરના ૩ થી ૬:૩૦ સુધી ભાગવત કથાનું રસપાન કરાવી રહ્યા છે. સ્થળ બાપા સીતારામ ની મઢી, જસાણી સ્કુલ પાછળ, બસ સ્ટેન્ડ પાસે માણાવદર .ભાવિક ભક્તોએ લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ૧૫/૦૧૧/૨૦૨૪ ને શુક્રવારે કાર્તિકી પૂર્ણિમાએ શ્રી રામ જન્મ થશે, અને ૧૬/૧૧/૨૦૨૪ ને શનિવારે શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ યોજાયો હતો. સોમવારે કથા વિરામ પામશે દરરોજ કથાનો સમય છે બપોરના ૩ થી ૬:૩૦ સુધીનો હતો.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ-ભજમાં ખેડતોને બાગાયતી માર્ગદર્શન

### સીતાફળના બીજમાં ઔષધયુકત તત્વો હોવાથી દવા-ખાતરમાં ઉપયોગી

ભુજ,

રાજયમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે, ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ માટે માર્ગદર્શન, સહાય મળી રહે તે ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર સતત કાર્યરત છે. ત્યારે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સીતાફળના વાવેતર તથા તેના ઉછેર અંગે જરૂરી માર્ગદર્શન અને માહિતી મળી રહે તે બાબતે વિગતવાર વાત કરીશું.સીતાફળ બહુ જ થોડાં વર્ષોમાં વધી જતું વૃક્ષ છે. તેની એક વિશેષતા એ પણ છે કે, તે વરસાદના પાણીથી અત્યંત મધુર અને સ્વાદિષ્ટ બને છે, જ્યારે કૃત્રિમ સિંચાઈથી તેનો સ્વાદ એટલો મધુર થતો નથી. સીતાફળ કોઈ પણ પ્રકારની જમીનમાં થતું ફળઝાડ છે. સીતાફળ ઔષધયુક્ત ફળ છે. તેના ફાયદાઓ જોઈએ તો તે શીતકારક, પિત્તનાશક, બળવર્ધક, શુક્રવર્ધક, ઉન્માદનાશક, વ્રણનાશક તેમજ રેચક છે. આયુર્વેદના ગ્રંથોમાં તેને હૃદયની બીમારી માટે અતિ ઉત્તમ દર્શાવવામાં આવ્યું છે. સીતાફળના ફાયદાઃ સીતાફળના પર્ણમાં અકોરીન, અનોનીન જેવાં ઔષધયુક્ત તત્વો હોય છે. જેનાથી બ્રહ્માસ્ત્ર, દસપર્ણી અર્ક, નિમાસ્ત્ર જેવી કીટનાશક દવાઓ બનાવવામાં આવે છે. સીતાફળના પલ્પનો ઉપયોગ મિલ્ક શેક, શરબત, આઈસ્ક્રીમ, ટ્રોફી, જામ, જેલી પાવડર વગેરે બનાવવા માટે કરવામાં આવે છે. સીતાફળના બીજમાં ૩૦ ટકા તેલ હોય છે, જેમાંથી સાબુ બને છે. તેના તેલનો ઉપયોગ કીટનાશક દવા બનાવવા માટે પણ થાય છે.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – દિવાળી ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.599/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે..
Raj Unisex Saloon Since 1996
રાજ ફેમીલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
હેરકટ, કેરાટીન, હાઈલાઈટસ, સ્મુથનીંગ, બોટોક્ષ, નેનો પ્લાસ્ટી, ટેટુઝ, શાઈનર, નેલ આર્ટ, ફેશીયલ વીથ હાઈડ્રા, બ્રાઈડલ મેકઅપ, ગ્રુમ મેકઅપ, હેર એકસટેન્શન, હેર રીપ્લેસમેન્ટ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551 / વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

### કરૂણાનંદ સેના સૌરાષ્ટ્ર અને નાયી જ્ઞાતિ સેવા સમાજ દ્વારા

# સાવરકુંડલામાં સુમહલગ્નોત્સવ-રકતદાન કેમ્પ યોજાયા

**શ્રી નાયી જ્ઞાતિ સેવા સમાજ અને કરૂણાનંદ સેના સૌરાષ્ટ્ર યોજીત ભવ્યાતિ ભવ્ય તૃતિય સમુહલગ્નોત્સવમાં ૧૦ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા : સંતો મહંતોના આશિર્વચન**

**રકતદાન કેમ્પમાં રકતદાતાઓ ઉમટી પડયા : ધારાસભ્યશ્રી મહેશભાઇ કસવાલા અને માનવમંદિરના શ્રી ભકિતરામબાપુ, પાલિકા પ્રમુખશ્રી મેહુલભાઇ ત્રિવેદી સહિતની ઉપસ્થિતિ**









સાવરકુંડલા,

શ્રી કરૂણાનંદ સેના સૌરાષ્ટ્ર તથા શ્રી નાયી જ્ઞાતિ સેવા સમાજ સાવરકુંડલા દ્વારા આયોજીત તૃતીય સમૂહ લગ્નમાં દસ નવ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા. આ પ્રસંગે સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, માનવમંદિરના પૂ. ભક્તિરામબાપુ, સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ, પ્રતિકકુમાર નાકરાણી, ડી.એલ. રાઠોડ, ડો. પંકજભાઈ બડમલિયા, સુરતના કોર્પોરેટર રાજેશ્રીબેન મૈસુરિયાએ નવ દંપતિને શુભાશિષ પાઠવ્યાં હતાં.

અત્રે નકળંગ દેવંગી આશ્રમ ગોવિંદપુરના શ્રી ગીતામાતાજી તથા મનુબાપુ વીરનગર દ્વારા મુખ્યદાતાશ્રીઓ જયંતિભાઈ રાઠોડ (અમદાવાદ), નવલભાઈ વાઢેર, રાજેશ સલખના (બાબરા), પ્રીતેશભાઈ સલખના (ધારી), અનિલભાઈ ચૌહાણ (લુણીધાર), રાજેન્દ્રભાઈ બારિયા, અખુભાઈ ખુમાણ વગેરેને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ સાથે સિવિલ હોસ્પિટલ અમરેલીનાં ઉપક્રમે રક્તદાન કેમ્પ યોજાયેલ તેમાં સ્વૈચ્છિક રકતદાતાઓને પ્રમુખ બિપીનભાઈ શેલાર, કાર્યકારી પ્રમુખ કમલશેલાર, મંત્રી લલિત મૈસુરિયાએ માનવસેવાનાં સદ્કાર્ય બદલ બિરદવ્યા હતાં તેમ સંયોજક વિપુલ ભટ્ટીએ જણાવ્યું છે.

### હાલ શિયાળુ પાકની સિઝન છે ત્યારે રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા

# અમરેલી જિલ્લામાં ખેડૂતોને તાત્કાલીક ડીએપી ખાતર ફાળવવાની રજૂઆત કરતા પૂર્વ સાંસદ શ્રી કાછડીયા

**લીલીયા મોટા અથવા પીપાવાવ પોર્ટ રેક મારફત ખાતર ઉતરે તેવી વ્યવસ્થા કરવા પણ રજૂઆત કરાઈ**



અમરેલી, અમરેલી જીલ્લામાં ડી.એ.પી. ખાતર મેળવવા માટે ખેડૂતોને ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે ખેડૂતોની ખાતર મેળવવા માટે લાંબી ક્તારો લાગી છે. ત્યારે અમરેલી સંસદીય ક્ષેત્રના ખેડૂતોને પુરૂતુ ડી.એ.પી. ખાતર મળી રહે તે માટે અમરેલીના પૂવ સાંસદ શ્રી કાછડીયાએ કેનીય રસાયણ અને ખાતર મંત્રીશ્રી જે.પી.નડડા, કેનીય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ અને ગુજરાત રાજયના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલને પત્રથી રજૂઆત છે. પૂવ સાંસદશ્રીની રજૂઆતમાં જણાવ્યા મુજબ આજે ખેડૂતોને ઘઉ, ચણા, રાયડો, ધાણા અને ડુંગળી વગેરે જેવા શીયાળુ પાકોનું વાવેતર કરવાનું હોય પરંતુ જીલ્લામાં ડી.એ.પી. ઘટ હોવાથી વાવેતરમાં મોડુ થઈ રહયુ છે અને જો વધુ મોડુ થાય તો ઉત્પાદનમાં ફેર પડે અને ખેડૂતોને નુકશાનીનો સામનો કરવો પડે. અમરેલીમાં ડીએપીની હોવાના લીધે ખેડૂતોની ખાતર મેળવવા માટે લાંબી ક્તારો લાગી છે તેમજ ઘણા ખેડૂતો ૧૭૦૦થી ૧૮૦૦રૂા. દઈ કાળાબજારી માંથી ખાતર ખરીદ રહયા આજે ઠંડીની સીઝન પણ શરૂ થઈ ગઈ છે ત્યારે અમરેલી ક્ષેત્રના ખેડૂતોને તાત્કાલીક અને સમયસર ડી.એ.પી. ખાતર મળી રહે તેમજ ફળવાનાર ખાતરની રેક લીલીયા અથવા પીપાવાવ પોટ ઉપર ઉતરે તેવી વ્યવસ્થા ગોઠવવા બાબતે પણ અમરેલીના પૂવ સાંસદ શ્રી નારણભાઈ કાછડીયાએ કેન્ સરકાર અને ગુજરાત સરકારને પત્રથી રજૂઆત કરેલ તેઓની અખબારી યાદીમાં જણાવેલ છે.

# વિજપડી તાલુકા પંચાયતની ચૂંટણીમાં મુસ્લીમ ઉમેદવાર પસંદ કરવા યાકુબ રસભર્યાની માંગ

**અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાતને રજુઆત**

વિજપડી, (સંજય વાઘેલા)

સાવરકુંડલા તાલુકાના વિજપડીના પુર્વ સરપંચ યાકુબ રસભીયાએ આગામી તાલુકા પંચાયતની ચૂંટણીમાં વિજપડી બેઠક માટે મુસ્લિમ ઉમેદવાર પસંદ કરવા અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતને રજુઆત કરેલ સાવરકુંડલા ખાતેના કાર્યાલય ઉપર પ્રસંગોપાત જે બેનર લાગવવામાં આવે છે તેમાં તાલુકા પંચાયતના ઉપપ્રમુખ સ્વ. ઈબ્રાહીમભાઈ પઠાણના ફોટાનો સમાવેશ કરવા તથા જિલ્લા પંચાયત કોંગ્રેસની થાય ત્યારે કો.ઓપ્ટ મેમ્બર તરીકે અલ્પસંખ્યક કાર્યકરની પસંદગી કરવા અપીલ કરી છે. વધુમાં યાકુબ રસભરીયાએ જણાવેલ કે ભુતકાળમાં ધીરૂભાઈ દુધવાળા ધારાસભ્ય હતાં. ત્યારે વિજપડી અને મિતીયાળા બે બેઠક મુસ્લિમ ઉમેદવારને ફાળવામાં આવતી હતી. જે પ્રણાલીકા છેલ્લા કેટલાંક સમયથી બંધ થયેલ છે. અલ્પસંખ્યક ઉમેદવાર ગ્રામ્ય વિસ્તારની ચૂંટણીમાં પસંદ કરવામાં આવે તે કોંગ્રેસની નિતી રીતને અનુરૂપ બાબત હોય યોગ્ય નિર્ણય લેવા આગામી ચૂંટણી પુર્વે અપીલ કરેલ છે. તેમજ વધુમાં જણાવેલ કે કોંગ્રેસ પોતાના રિઝર્વ મતદાતાઓની અવણગણના કરી ન શકે તેમજ અલ્પસંખ્યક વિસ્તારોની મિટીંગમાં કડક ભાષાનો ઉપયોગ ન કરે તે હિતાવહ હોવાનું યાકુબભાઈ રસભરીયાએ જણાવ્યું હતું.

# ડેડાણ ગામને એસટી નિગમ દ્વારા હળાહળ અન્યાય

**ભુતકાળમાં ડેડાણ વાયા થઇને ૩૦ એસટી બસ ચાલતી હતી તે રૂટો બંધ થયાં**

ડેડાણ, (બહાદુરઅલી હિરાણી) ડેડાણ ગામને એસટી નિગમ દ્વારા હળાહળ અન્યાય થઈ રહ્યો છે. ભુતકાળમાં ડેડાણ વાયા થઈને ૩૦ જેટલી એસટી બસો ચાલતી હતી. પરંતુ એસટીના મનસ્વી સતાધિશો આવ્યા અને ડેડાણ વાયા જતી એસટી બસના રૂટો બંધ થતાં શું ડેડાણ ગામ ગુજરાતના નકશામાં નથી? એકીસાથે ધીમે ધીમે ૧૫ રૂટો બંધ કરી દીધા ડેડાણ ગામને જુનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર, જેતપુર, ચોટીલા કે ધાર્મિક સ્થળો બગદાણા, વિરપુર, રણુજા, અંબાજી, શિરડી જેવા ધાર્મિક સ્થળ આવેલ છે. પરંતુ ખાંભા તાલુકામાં મોટુ ગામ ૧૭ હજારની વસ્તી છતાં રાજય સરકાર દ્વારા કોઈ ૧૦૦ ટકા સુવિધા મળતી નથી. તમારા ઘરનું વાહન હોય તો જઈ શકો. બાકી એસટી દ્વારા એક પણ રૂટને વાયા ડેડાણ આપેલ નથી. જેથી ડેડાણ ગામની અધોગતિ કહેવાય ચૂંટણીમાં નેતાઓ મોટા મોટા વચનો આપે છે પછી કોઈ દેખાતું જ નથી.

# ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય વધારી

**સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે ૧૩,૯૮૨ ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઈ**

અમરેલી,

ખેડૂતોને તેમની ખેતપેદાશોના બજારમાં સારા ભાવ મળે તે માટે ખેતપેદાશોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાય અને બજારમાં જ્યારે પાકના સારા ભાવ હોય ત્યારે જ ખેતપેદાશોનું વેચાણ થાય તે ખૂબ જ જરૂરી છે. પરંતુ અનેક ખેડૂતો પાસે કાપણી પછી ખેતપેદાશોને લાંબા સમય સુધી સંગ્રહ કરવા માટે કોઈ યોગ્ય સુવિધા ઉપલબ્ધ ન હતી. પરિણામે કુદરતી આફતો અને ઓછા બજાર ભાવના કારણે ખેડૂતોને આર્થિક નુકશાની વેઠવાનો વારો આવતો હતો. ગુજરાતના ખેડૂતોની આ વ્યથા સમજીને રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧-૨૨માં નવી મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકી હતી. કૃષિમંત્રી શ્રી રાઘવજી પટેલે આ યોજના અંગે વાત કરતા કહ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને પોતાના ખેતરમાં જ સંગ્રહસ્થાન ઉભું કરવા માટે પ્રોત્સાહિત કરવા મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અમલમાં મૂકાઈ હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ ૩૩૦ ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને અગાઉ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૭૫,૦૦૦ સહાય આપવામાં આવતી હતી. ખેડૂતોને વધુમાં વધુ સહાય મળી રહે તે માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે ચાલુ વર્ષે સહાયની રકમમાં વધારો કર્યો છે. હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ. ૧,૦૦,૦૦૦ બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે. મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં રાજ્યના ૩૬,૬૦૦થી વધુ ખેડૂતોને સંગ્રહસ્થાન ઉભું કરવા માટે રૂ. ૧૮૪.૨૭ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. સહાયની રકમમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે આ યોજના હેઠળ રાજ્યભરના કુલ ૧૩,૯૮૨ ખેડૂતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી આપવામાં આવી છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો આ યોજનાનો લાભ મેળવીને પોતાની ખેત પેદાશોને આશરે ૧૬ થી ૧૭ મેટ્રિક ટન જેટલી સંગ્રહ ક્ષમતા ધરાવતા ૩૩૦ ચોરસ ફૂટના આ સ્ટ્રક્ચરમાં લાંબા સમય સુધી વરસાદ, વાવાઝોડું, તીડ અને ચોરી જેવી આકસ્મિક આફતો સામે સુરક્ષિત રાખી શકશે. એટલું જ નહિ, ખેતી કાર્યોમાં વપરાતી ખાતર, બીયારણ, દવા, ખેત ઓજારો, સિંચાઈના સાધનો અને તાડપત્રી જેવી વિવિધ સામગ્રીને પણ ખેડૂતો આ સંગ્રહ સ્ટ્રક્ચરમાં વ્યવસ્થિત રીતે સાચવી શકશે. પરિણામે ખેડૂતોની આવકમાં વધારો પણ થશે.

### મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૨૦૨૪

# બાબરા અને લીલીયામાં સ્વીપ અને ટીપ મતદાર સાક્ષરતા ક્લબ દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમો

**ચૂંટણી તંત્ર દ્વારા શનિ-રવિ તા.૨૩ અને તા.૨૪મીએ મતદાર યાદી સુધારણા ખાસ ઝુંબેશ યોજાશે**



અમરેલી,

સ્વીપ અને ટીપ એક્ટિવિટી અન્વયે લીલીયા સ્થિત કોલેજ ખાતે મતદાર સાક્ષરતા ક્લબનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અન્વયે વિવિધ માધ્યમથી નાગરિકોને માહિતગાર કરવા જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે. મતદાર નોંધણી જાગૃત્તિ કાર્યક્રમમાં યુવાઓ સહભાગી બની રહ્યા છે. અમરેલી જિલ્લામાં દામનગર કુંભનાથ મહાદેવ મંદિર, બાબરા મેલડી માતા મંદિર, તાપડીયા બાપુ આશ્રમ, બાબરા, લાઠી અને લીલીયા આઈટીઆઇ, સહિતના વિવિધ સ્થળોએ મતદાતા જાગૃત્તિ કાર્યક્રમ યોજાયા. ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન વાન દ્વારા રાજુલા વિધાનસભા મત વિસ્તારની મુખ્ય બજાર તથા વિવિધ રહેણાંક વિસ્તારમાં, મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અને તેના ખાસ ઝુંબેશના દિવસોની વિગતો નાગરિકોને મળી રહે તે માટે ઓડિયો ક્લિપના માધ્યમથી પ્રચાર-પ્રસાર કરાવમાં આવ્યો.

વિવિધ સ્થળોએ અને તાલુકાકક્ષાએ વકૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મતદાર સાક્ષરતા ક્લબના માધ્યમથી નવયુવાઓને મતદાતા તરીકે તેમની ફરજ અને નાગરિક તરીકે તેમના મતદાનના હક્ક વિશે માહિતગાર કરવામાં આવ્યા. ગ્રામ્ય અને શહેરી કક્ષાએ યુવક-યુવતીઓને મતદાર નોંધણી, મત ઓળખપત્રમાં સુધારણા માટે વિગતો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર યાદી સુધારણા કાર્યક્રમ, ખાસ ઝુંબેશ અંગે નાગરિકોને જાણ કરવા સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મહત્વનું છે કે, મતદાર તરીકે અગાઉથી નોંધાયેલા છે તેવા નાગરિકોએ મતદાર યાદીમાં નામ, વિગત, ફોટો અચૂક ચકાસી લેવો, જરુર જણાય તો ફેરફાર કરવા માટેની અરજી આપવી. નામ નોંધણી માટે અથવા ફેરફાર માટે વોટર હેલ્પલાઈન મોબાઈલ એપ, www.voterp ortal.eci. gov.in, www.nvsp.in પોર્ટલ ઉપરાંત હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી વિગતો મેળવી શકાશે. ખાસ બાબત છે કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ અંતર્ગત નવેમ્બર-૨૦૨૪ માસની, તા.૨૩-શનિવાર, તા.૨૪-રવિવારના રોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી સંબંધિત વિસ્તારના મતદાન મથક પર સંપર્ક કરવો.

મતદારયાદીમાં નાગરિક-મતદાતાના નામ સાથે આધાર લીંક કરવાની સુવિધા ઉપલબ્ધ છે. તા.૦૧.૦૧.૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. આથી, અમરેલી જિલ્લાના વધુમાં વધુ નાગરિકોને મતદાતા યાદી સુધારણા કાર્યક્રમનો લાભ લેવા અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ શરુ છે. સ્વીપ અને ટીપ પ્રવૃત્તિ અન્વયે બાબરા સ્થિત આઈ.ટી.આઈ. ખાતે મતદાર યાદી સુધારણા જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો, વિદ્યાર્થીઓ સહભાગી બન્યા હતા. યુવાઓને મતદાર તરીકે નામ નોંધણી, મતપત્રમાં ફોટો, વિગતો સહિતના સુધારા માટેની પ્રક્રિયા વિષયક સમજ આપવામાં આવી હતી. યુવાઓ પ્રથમ વખતના મતદાર તરીકે પોતાની નામ નોંધણી કરી મતપત્ર પ્રાપ્ત કરશે. અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળોએ અને તાલુકાકક્ષાએ ચિત્ર, મહેંદી અને નિબંધ સહિતની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. લીલીયામાં તા.૦૧.૦૧.૨૦૨૫ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોય તેવા ભારતીય નાગરિકો મતદારયાદીમાં તેમના નામની નોંધણી કરાવી શકશે. સ્વીપ અને ટીપ એક્ટિવિટી અન્વયે બાબરા જી.આઈ.ડી.સી. ખાતે મતદાર નોંધણીને લઈને જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો, નવયુવાઓએ ભાગ લીધો હતો. અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષાએ ચિત્ર, મહેંદી અને નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. લીલીયા તાલુકાકક્ષાએ મતદાર જાગૃત્તિ અને મતદાર નોંધણી-સુધારા બાબતે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી,

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
**મેડીકલેઇમ લેતી વખતે જો તમોને**
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125






- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઈમ્સ
પાના નં.૭
તા.૨૩-૧૧-૨૦૨૪ શનિવાર



(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪






**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## પહેલા પાનાનું
## અમરેલીમાં જેક

બાંધકામને પણ અમે જમીનની સપાટીથી જરૂરિયાત પ્રમાણે ઊંચું કરીએ છીએ ગુજરાતના અને સૌરાષ્ટ્રના ઘણા શહેરોમાં આ પ્રકારે અમે કામ કરી રહ્યા છીએ તેમ શ્રી મુકેશભાઈએ જણાવ્યું હતું તેમણે જણાવેલ કે આ કામથી ખનીજ સંપત્તિનો પણ બચાવ થાય છે અને ૨૫ થી ૩૫ દિવસમાં અમે મકાનને ઊંચું કરી દઈએ છીએ અમારી ટીમ જેક ની મદદથી મકાનને ઊંચું લઈ અને નીચે નવો પાયો અને તે પણ બીમ કોલમ સાથે તૈયાર કરીએ છીએ જેનાથી મકાન વધુ મજબૂત થઈ જાય છે.

શ્રી મુકેશભાઈ જણાવેલ કે મકાન ૩ થી ૧૧:૩૦ ફૂટ સુધી ઊંચું કરવામાં આવે છે અને મંદિર કે મકાન એક સ્થળેથી બીજા સ્થળે પણ અમે ફેરવી આપીએ છીએ અમારી આ સિદ્ધિની નોંધ લીમકા બુક ઓફ રેકોર્ડમાં પણ નોંધાયેલ છે.

મકાનને ઊંચું કરવામાં મકાનનું તળિયું આખું નવું બનાવવું પડે છે મકાનમાં અંદર અને બહાર બંનેની સાઈડથી દરેક દિવાલમાં જેક લગાવવામાં આવે છે અને મકાનને ઉંચુ કરવામાં આવે છે . આપણે ત્યાં અને મોટા સિટીમાં મકાન દુકાનમાં સહિયારી દિવાલ હોય છે અને ત્યારે શું થઈ શકે છે તેવા સવાલના જવાબમાં સહિયારી દિવાલ હોય ત્યારે તે દીવાલને કટ કરી અને ઉંચી લેવામાં આવે છે તેમ પણ મુકેશભાઈએ જણાવ્યું હતું.

## પહેલા પાનાનું
## ડાલામથ્થા સિંહો

ડાલા મથા સાવજો એક પછી એક ભાગ્યા અને અંતે ભેંસ પશુએ પણ હેમખેમ જીવ બચાવી ભેંસ ભાગી જતા સ્થાનિક સીસીટીવી કેમેરામાં દર્શયો કેદ થતા વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થય રહ્યો છે. ભેંસ ઉપર સિંહોએ મારણ કરવા માટે હુમલો કરી પાડવા માટેની કોશિશ કરી પરંતુ બચી ગઈ છે ઉપરથી કરેલા હુમલાના કારણે ભેંસ ઈજાગ્રસ્ત હાલ છે તેમની સારવાર ચાલી રહી છે વનવિભાગને જાણ થતાં વનવિભાગની ટીમ પણ દોડી આવી તપાસ હાથ ધરી હતી અહીં લુણસાપુર ગામમાં અવાર અવાર સાવજો ઘુસી જવાની ઘટનાઓ બની રહી છે જેના કારણે ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે.


**અરોમા પ્રિમીયમ બોડી સ્પા**
દિવાળી ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
દિવાળી ધમાકા ઓફર





લેડીઝ માટે Rs.499/- | કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299/- માં એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુકિતધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧


### શ્રી નેસડી-૧ પ્રા.શાળા, તા.રાજુલા, જી.અમરેલી

**-:: જાહેર હરરાજી ::-**

આથી રસ ધરાવતા ઇસમોને જાહેર નિવેદન કરવામાં આવે છે કે, શ્રી નેસડી-૧ પ્રાથમિક શાળાના જર્જરીત સ્લેબવાળા રૂમ ૪ તેમજ મધ્યાહન ભોજન રસોડુ, કમ્પાઉન્ડ વોલ, સેનીટેશન વગેરેની જાહેર હરરાજી સરકારશ્રીના નિયમ અનુસાર તા.૨૬-૧૧-૨૦૨૪ ને મંગળવારના રોજ નેસડી-૧ મુકામે બપોરે ૧:૦૦ કલાકે રાખેલ છે. તો રસ ધરાવતા ઇસમોએ હાજર રહેવુ. હરરાજીના નિયમો અને શરતો સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

| | |
|---|---|
| એસએમસીશ્રી | શ્રી નેસડી-૧ |
| શ્રી નેસડી-૧ પ્રા.શાળા | ગ્રામ પંચાયત |
| તા.રાજુલા, જી.અમરેલી | તા.રાજુલા, જી.અમરેલી |

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૭/૨૦૨૪
અરજદાર :- શ્રી અશરફ બચુભાઈ સોરા રહે.ટીંબી, તા.જાફરાબાદ,જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી ટીંબી ગ્રામ પંચાયત કચેરી, તા.જાફરાબાદ

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના શ્રી અશરફ બચુભાઈ સોરાએ તેમના ભાણેજ નામે શ્રી બુકેરા આરીફભાઈ રમઝાનભાઈનો જન્મ તા.૨૦-૦૫-૧૯૯૫ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી વિદ્યાબેન એમ.લાલવાણી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧ માહે નવેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નં.૧૯૮/૨૦૨૪
અરજદાર :- શ્રી ઉર્મિલાબેન રામજીભાઈ બારૈયા રહે.જાફરાબાદ, જી.અમરેલી
વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા જાફરાબાદ

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના જાફરાબાદ ગામના શ્રી ઉર્મિલાબેન રામજીભાઈ બારૈયાએ તેમના ભાઈ નામે શ્રી પરેશભાઈ રામજીભાઈ બારૈયાનો જન્મ તા.૨૫-૧૦-૨૦૦૫ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પી.પી.સોલંકી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાનાં ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.
આજ તા.૧૧ માહે નવેમ્બર સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૦-૨૦૨૪............મુ.તા.૧૯-૧૨-૨૦૨૪
અરજદાર : નરેશકુમાર પોપટભાઈ મકવાણા રહે.ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી
અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી ખાંભા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના બેન વિમળા પોપટભાઈ મકવાણાનો જન્મ તા.૧૦-૦૮-૧૯૫૪ નારોજ ગામ ખાંભા, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના બેનના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૯-૧૨-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૯-૧૧-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| | | | |
|---|---|---|---|
| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | કોર્ટનો સિક્કો | હુકમ થી |
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી ધારી

બ.ડે.રજી.કેસ નં.૧૨૪/૨૪
નં.એમએજી/વશી/૬૧૯/૨૦૨૪..................................તા.૨૧-૧૧-૨૦૨૪
અરજદાર :- શ્રી હંસાબેન મનસુખભાઈ વાઘાણી રહે.ખડાધાર, તા.ધારી
વિરૂધ્ધ સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી નાગધ્રા ગ્રામ પંચાયત તા.ધારી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હંસાબેન મનસુખભાઈ વાઘાણી રહે. ખડાધાર વાળાએ તેમના પુત્રી અસ્મિતાબેન મનસુખભાઈ વાઘાણીનો જન્મ તા.૨૧-૦૭-૧૯૮૩ ના રોજ ધારી તાલુકાના નાગધ્રા ગામ મુકામે જન્મ થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૦૫-૧૨-૨૦૨૪ ના રોજ ૦૪:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ધારી

### નામ બદલાવેલ છે

આથી હું ગાંગાણી અરમાન શૌકતભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ગાંગાણી અરમાન શૌકતઅલી માંથી બદલાવીને ગાંગાણી અરમાન શૌકતભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ગાંગાણી અરમાન શૌકતભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.
સહી : ગાંગાણી અરમાન શૌકતભાઇ
એડ્રેસ : આશિર્વાદ સોસાયટી, ખોજા સમાજની વાડી પાસે, અમરેલી રોડ,
ગામ : બાબરા, જી.અમરેલી - ૩૬૫૪૨૧

## ભાવભરી શ્રધ્ધાંજલી




**સ્વ.માણસુરભાઇ પીઠાભાઇ વાવડીયા (ઉ.વ.૫૫)**
સ્વ.તા.૧૫-૧૧-૨૦૨૪ કારતક સુદ - પુનમ ને શુક્રવાર, મુ.દેવકા, તા.રાજુલા

એકાંતમાં રડી લઈશું જયારે આવશે તમારી યાદ, જયાં કુદરત રૂઠી ગયો ત્યા કોને કરવી ફરીયાદ, હસીને હસાવનારા સદાબાર અમોને રડાવી ગયા, અણધારી વિદાય એવી લીધી કે અમારે કાળજે ઘા કરી ગયા. મુરલીધર પ્રભુ તમારા આત્માને પરમ શાંતી અર્પે એજ પ્રાર્થના...

**લી. સુખાભાઇ મુળુભાઇ રામ - સામતભાઇ સુખાભાઇ રામ**
**રામ પરિવાર મુ.ગાંજાવદર, તા.રાજુલા, જી.અમરેલી**


**શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?**
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક


લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
**સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેકટીસ ટ્રેક**
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ,અમરેલી



☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેકશન
એક-એકથી ચડીયાતા
**વિન્ટર કલેકશન**ની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, વુઠી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન





M to 5XL સુધી બધુંજ
**ઉમિયા ફેશન**
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.









રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
## અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | મંથલી બચત (૧૨ માસ) | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**
- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**
## અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.

| • બાયપાસ બ્રાન્ચ • | • બાબરા બ્રાન્ચ • | • ધારી બ્રાન્ચ • |
|---|---|---|
| સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી. | સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯ | રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯ |



ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
**બોનાન્ઝા બેન્કવેટ**
**કલાપી બેન્કવેટ**
**ગુલમહોર ફંકશન હોલ**





લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન ડાયરો • મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ • એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ બેસણું • પ્રાર્થનાસભા • ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

